# તારક જિનાજ્ઞા

સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટધર
પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યાત્મવાણી પ્રસરાવતું માસિક પત્ર

વર્ષ-૧૬ 卐 વિ.સં. ૨૦૭૨ ❖ માગસર ❖ તારીખ : ૧-૧-૨૦૧૬ ❖ અંક-૨


## 'જો ઘડી જાયે પ્રભુના ધ્યાનમાં, ધન ધન ભવી ! માનો'

**સંઘહિતચિંતક પૂજ્ય આચાર્ય**
**શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

માનવ જીવન મળ્યું છે તો એને એમને એમ વેડફી ન નાંખો. ગયેલી ક્ષણ પાછી નથી આવતી. ઈન્દ્ર ઈન્દ્રપણાની પોતાની સમસ્ત ઠકુરાઈ-વૈભવ બદલામાં આપી દેવા તૈયાર હોય; તો ય આયુષ્યની વીતેલી એક ક્ષણ પણ પાછી વાળવા કોઈ સમર્થ નથી. શું સમજ્યા ? મોટા ઈન્દ્રનેય ભોગવાઈ ચૂકેલું એક ક્ષણનું પણ આયુષ્ય પાછું ન ફરે. તો તમારે પાછું ફરે ? બધી ય સંપત્તિ આપી દો તો પણ પાછું ફરે ? ના, તો શું જોઈને આવા ભોગવાતા આયુષ્યમાં પ્રમાદ સેવી રહ્યા છો ? શા સારુ ગફલતમાં રહ્યાં છો ? અરે ! સંપૂર્ણ ધર્મ સાધનામાં નહિ, તો પણ કમમાં કમ પ્રભુના ધ્યાનમાં તો આયુષ્યકાળ પસાર કરી શકાય ને !

**પ્ર.- પ્રભુના ધ્યાનમાં ચિત્ત લગાવીએ તો પછી સંસારનાં કામ શી રીતે બજાવાય ? એ બજાવવા મન તો એમાં પરોવવું પડે ને ? એ પરોવતાં જિનનું ધ્યાન ક્યાં રહે ?**

**પ્રભુનાં વચનનું ધ્યાન, ચિંતન, સ્મરણ એ પણ પ્રભુનું ધ્યાન છે, એમ ષોડશકશાસ્ત્ર કહે છે,-**

'अस्मिन् हृदयस्थे सति हृदयस्थत त्वतो मुनीन्द्र इति ।'

અર્થાત્ જો આ જિનવચન હૃદયમાં રમતાં રહે, તો એ ખરેખર જિનેન્દ્ર ભગવાન જ હૃદયસ્થ છે. તાત્પર્ય,

જિનાજ્ઞાનું ધ્યાન એ જિનનું ધ્યાન છે;
જિનાજ્ઞાનું ચિંતન એ જિનનું ચિંતન છે.
જિનાજ્ઞા પર બહુમાન એ જિનનું બહુમાન છે.
જિનાજ્ઞાની શ્રદ્ધા એ જિનની શ્રદ્ધા છે.

**સાંસારિક કામ વખતે જિનનું ધ્યાન રાખવાની કારીગરી :**

આ પરથી સમજી શકાશે કે જિનની આજ્ઞાનું ધ્યાન કરીએ એ જિનનું જ ધ્યાન છે, પ્રભુનું જ ધ્યાન છે. હવે સંસારના કામકાજ વખતે પણ જો એમાં જિનાજ્ઞાની ખતવણી કરો, જિનાજ્ઞાનો સંબંધ યાદ કરો, તો ત્યાં જિનનું ધ્યાન આવ્યું ગણાશે. દા.ત.

બાઈ રસોઈ કરતાં મનમાં આ ખ્યાલ કરે કે 'આ ચૂલો-આગ-રસોઈ વગેરે આરંભ-સમારંભનાં કામ છે; જિનેશ્વર ભગવાન એને આશ્રવ કહે છે, અને એમાં જેટલી જીવરક્ષા વગેરેની કાળજી રાખી, જયણા રાખી એટલી સંવરસાધના છે, માટે આ જયણાનો ખપ કરું.'

એમ, પુરુષ વેપાર કરતાં ખ્યાલ કરે કે 'આ કાંઈ ધર્મ વ્યાપાર નથી; આ તો પાપવ્યાપાર છે પણ એમાં જેટલું અસત્ય-અનીતિ-હિંસા વગેરેથી બચાય એટલી જયણા થઈ; ને એ સંવરસાધના છે. માટે એનો ખપ કરું.' તો ત્યાં સંસારી કામ વખતે જિનાજ્ઞાનો ખ્યાલ કર્યો; ને જિનવચનનું ધ્યાન એ જિનનું ધ્યાન છે, પ્રભુનું ધ્યાન છે, એ હિસાબે ત્યાં જિનનું ધ્યાન સલામત રહ્યું.

વાત આ, જે ઘડી જાયે પ્રભુના ધ્યાનમાં, ધન ધન ભવી ! માનો. આયુષ્ય નિરંતર ઢળી રહ્યું છે, એમાંથી એની જેટલી ક્ષણ પ્રભુનાં પ્રભુવચનનાં ધ્યાનમાં ખરચાય એટલી એ લેખે લાગી, એટલે ધન્ય બની. એ ધન્ય બનાવવા માટે આ અનિત્યતાની ભાવના છે કે 'આયુષ્ય પવનની લહેરીના જેવું ચંચળ છે, જરાય સ્થિર નથી, પ્રતિપળ ઢળી રહ્યું છે.'

માટે હે આત્મન્ ! તું આની અંદર મૂઢ ન થા. મોહ ન પામ, મનને પ્રભુ ભક્તિમાં જોડી દે.

(અનુસંધાન પાના નં. ૨૨ ઉપર)

## બે ભેદ વિરાગના....

**સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્ય**
**શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

સંપૂર્ણ રાગરહિત આત્માને વીતરાગ કહેવાય અને રાગને ઘટાડવા-દૂર કરવા તથા સમતા કેળવવા મથનારને વિરાગી કહેવાય. રાગથી વિરુદ્ધમાં દ્વેષ છે તો જે વ્યક્તિ દ્વેષવાળી છે તેને વિરાગી ન કહેવાય કારણ મોહના બધા ભેદો રાગને આધીન રહે છે. ક્રોધ પણ રાગ વગર નથી હોતો તો માન પણ રાગ વિના નથી આવતું એમ પચ્ચીશે ચારિત્ર મોહનીયનું મૂળ રાગ છે. ૧૨ મા ગુણસ્થાનકે અજ્ઞાન હોવા છતાં રાગ ન હોવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં જીવને અજ્ઞાન બાધક નથી બનતું. મોહનીય બાધક બને છે. દર્શન મોહનીય (મિથ્યાધર્મનો રાગ અથવા વિષયો-કષાયોનો પક્ષપાત રૂપ પક્કડ) પણ રાગ સાથે અભિન્ન મિત્રતા ધરાવે છે. રાગ અંડર ગ્રાઉન્ડમાં હોય ત્યારે જ બહાર મોહનીયના બધા ભેદો કામ કરે છે. વિદ્યમાન હોય છે. માટે રાગને જીતવામાં-ઘટાડવામાં બધાનો જય-ઘટાડો અંતર્ગત થાય છે માટે વિરાગ એ વીતરાગતાનું અને કૈવલ્ય અવસ્થાનું મૂળ છે.

રાગના જેટલા પ્રકાર છે તેટલા વિરાગના પ્રકાર પડે. શાસ્ત્રમાં વિષયવિરાગ અને ગુણવિરાગ એમ વિરાગના મુખ્ય બે ભેદ બતાવ્યા છે. તેમાં વિષયવિરાગના 3 ભેદ જાણવા. ૧) કામરાગનો વિરાગ, ૨) સ્નેહરાગનો વિરાગ, 3) દૃષ્ટિરાગનો વિરાગ. વિરાગ એટલે પ્રથમ નંબરે ત્યાગ, બીજા નંબરે ઉદાસીનતા અને ત્રીજા નંબરે પશ્ચાત્તાપ. એટલે રાગજનક વ્યક્તિ કે વસ્તુને છોડવી તેનાથી દૂર રહેવું તે ત્યાગ કહેવાય. જે પોતાની શક્તિ કે સંયોગાભાવમાં છોડી ન શકાય-સંબંધ રાખવો કે ઉપયોગ કરવો પડે તેમાં લેપાવું નહીં. જીવનનિર્વાહનું સાધન માનવું તે ઉદાસીનતા અને સંબંધમાં કે ઉપયોગમાં ક્યાંક-ક્યારેક રાગ થઈ ગયો તો તેનો પાવર તોડવા તેનો પશ્ચાત્તાપ કરવો.

ગુણવિરાગ એટલે ક્ષયોપશમભાવની શક્તિઓ અને આત્મગુણો પ્રત્યે પણ ઉદાસીનતા. આ ગુણો એ કર્મના ઉદયરૂપ નથી. ક્ષયોપશમગુણ રૂપ હોવાથી વિશેષતા છે-ગ્રાહ્ય છે-ઉપયોગી છે. પરંતુ ગુણોની પ્રાપ્તિમાં ગર્વ અને ન્યૂનતામાં દીનતા આવવાથી તથા બીજાની ઈર્ષાનું કારણ બનવાની અને વાત્સવિક રીતે અપૂર્ણતારૂપ હોવાથી આમાં આત્માની મહત્તા ન દેખાય માટે ગુણોમાં પણ જીવ ઉદાસીન હોય-વિરાગી હોય.

ભવનિર્વેદ એ વિષયવિરાગ અને ગુણવિરાગનું બીજુ નામાંતર છે. આ વિરાગના આધાર ઉપર સંવેગ=આંતરિક-બાહ્ય મોક્ષમાર્ગની અભિલાષા. અને સાધના તથા પંચાચાર અને જ્ઞાનાદિ ગુણોની સાધનાનો ઉત્સાહ પ્રવર્તે છે. આ વિરાગની શરૂઆત અપુનર્બંધક દશાથી થાય છે અને ક્રમશઃ આત્મગુણોના વિકાસની ભૂમિકા સર્જી આપે છે.

વૈરાગ્ય એ સર્વગુણરક્ષક અને પોષક છે. વૈરાગ્ય વિના સર્વગુણો પલકમાં નાશ પામે છે. કષાય-મમતા-પ્રમાદ-આસક્તિ વગેરે સર્વદુર્ગુણો

(અનુસંધાન પાના નં. ૨૨ ઉપર)

(અનુસંધાન પાના નં. ૨૧ નું)

### પ્રભુ મળ્યા પર હૈયું ભરાઈ આવે આવા સ્નેહી ક્યાં મળે ?

આપણી પાસે હૈયું હોય તો એ હૈયું તો વારે વારે ભરાઈ આવે કે 'અહાહા ! ઘોર પાપ ભરેલી પૃથ્વી પર મને આ કેવા અનુપમ પ્રભુ મળ્યા ? માનવ દુનિયામાં જોઉં છું ત્યારે કેટલા માનવને આ મહાસ્નેહી મહાતારક પ્રભુ મળ્યા છે ? આજની નજર સામેની દુનિયામાં ૩૦૦ કરોડ માનવો. એમાંથી ૨૯૯ કરોડ બાદ; ૨૯૯ ક્રોડ માણસોને આ સ્નેહી આ તારક આ નાથ નથી મળ્યા. ત્યારે મને આ કેવા પ્રભુ મળ્યા ?' આમ વિચારતાં હૈયું ભરાઈ આવે. એવું 'ગણધર ગૌતમસ્વામી વગેરે..., આચાર્યો ભદ્રબાહુ સ્વામી, હરિભદ્ર સૂરિજી વગેરે...યાવત્ વર્તમાન ગુરુ મહારાજ વગેરે... કેવા મહાસ્નેહી મહાકલ્યાણ-મિત્ર મહા ઉપકારી મળ્યા !' એ વિચાર પર હૈયું ગદ્‌ગદ થાય. પછી વંદન વગેરે ક્રિયાઓ-સાધનાઓમાં દિલ રસ-તરબોળ બને. હૈયું હોય તો તીર્થંકર ભગવાન આદિનું આલંબન લેતાં હૈયું ભરાઈ આવે, આરાધનામાં જોમ આવે. સુલસાને હૈયું ભરાઈ આવતું, તો અંબડ પરિવ્રાજક એને પ્રભુનો સંદેશો કહેતાં એનામાં અજબ સંવેદન જુએ છે અને ચકિત થઈ જાય છે કે 'વાહ ! આનામાં કેવો પ્રભુરાગ ! કેવું સમ્યગ્દર્શન !' બોલો વારેવારે હૈયું ભરાઈ આવવા માટે હૈયું છે ?

**પ્ર.- બધું સમજાય છે ખરું, પરંતુ જેમ દુનિયાના કાર્યોમાં બીજાનાં આલંબન લઈ આગળ વધાય છે એમ અહીં કેમ એવું આલંબન નથી લેવાતું ?**

ઉ.- પહેલાં એ કહોને કે વારેવારે પ્રભુને એ રીતે યાદ કરી હૈયું ભરાઈ આવે છે ? 'હું નાલાયક નરાધમ-લાખો દોષોથી ભરેલો મને અને આ પ્રભુ મળ્યા ? આ નાથ-આ સ્નેહી મળ્યા ? કેટલી બધી ઊંચી અને અતિ અતિ દુર્લભ પ્રાપ્તિ' આવું થયા કરે છે ? એના પર હૈયું ભરાઈ આવે છે ? એ થાય તો બધી શક્તિ બહાર કાઢીને પ્રભુના આલંબને સુંદર આરાધનાઓ હોંશથી થવા માંડે.

**પ્ર.- એવું પ્રભુ પર હૈયું શી રીતે ભરાઈ આવે ?**

ઉ.- તુલના કરવાથી, જોવાનું કે બીજાઓને જે રાગાદિથી મલિન દેવ-દેવી મળ્યા છે, યા નાસ્તિક જેવાને કે આપણને જે દુન્યવી સગા સ્નેહી મળ્યા છે, એમની તુલનામાં આપણને આ વીતરાગ સર્વજ્ઞ ખરેખરા પરમ દયાળુ કેવા કેટલાં ઊંચા દેવ, કેવા તારક, કેવા સ્નેહી મળ્યા છે ? આમ તુલનાથી જોઈએ તો પ્રભુ પર અને ઉપકારી ત્યાગી ગુરુ પર હૈયું ઓવારી જાય, હૈયું ભરાઈ આવે.

પરંતુ સંભવ છે કે આના માટે હૈયાને કોઈ ધક્કો લાગવાની જરૂર છે. ચાલુ રાબેતા મુજબનાં જીવનમાં અને ચાલુ હૃદયમાં એ ભરાઈ આવવાનું મુશ્કેલ છે. સંસારમાં જુઓ સ્નેહી એકાએક મરી જાય કે દીકરાને અકસ્માત થાય, યા સામટી લાખ રૂપિયાની ખોટ આવે..., આવું કાંઈ બને તો હૈયાને ધક્કો લાગે છે, ને હૈયું ભરાઈ આવે છે. એવું આત્માને કોઈ મોટી ખોટ દેખાય, કોઈ અનુપમ તક ગઈ લાગે, કોઈ મહાપાપ થઈ જવા પર ભાન આવે, તો હૈયાને ધક્કો લાગે, હૈયું ભરાઈ આવે. ●

## સિદ્ધાંત દિવાકર
## એક પ્રગટ્યો તેજ સિતારો...

### વૈયાવચ્ચની વાંસળીના મધુર સ્વરો...

વંદન અને વૈયાવચ્ચમાં પાયાનો તફાવત એ છે કે વંદન માત્ર વડિલ વિશેષે જ હોય છે જ્યારે વૈયાવચ્ચ સાધુ સામાન્યે હોય છે. વૈયાવચ્ચ કરવામાં નાના-મોટાની કોઈ પાબંધી નથી.

'व्यापृतभावो वैयावच्चः' એટલે કે આત્માને સતત યોગમાં જોડી રાખે તે વૈયાવચ્ચ.

અલબત્ત, જ્ઞાન પણ આત્માને શુભ અધ્યવસાયમાં જોડી રાખે છે. છતાંય તે વૈયાવચ્ચ નથી. કારણ કે તે કદાચ મદનું કારણ પણ બની જાય તો 'જોડ'ને બદલે 'તોડ' કરી દેતાં વાર નથી લગાડતું !

જ્યારે 'સેવા' સામા પ્રત્યેના આદરભાવે, બહુમાનભાવે થતી હોય છે. સેવા કરતાં સમયે સ્વનો અપકર્ષ અને પરનો ઉત્કર્ષભાવ જ હૃદયમાં હોય છે. તેથી તેમાં અભિમાનનો લવલેશ રહેતો નથી, અભિમાની ક્યારેય કોઈની વૈયાવચ્ચ કરી શકતો નથી.

બ્રાહ્મી-સુંદરી પૂર્વભવમાં 'પોતે આટલું ભણે છે છતાંય ગુરુને તેની પરવા નથી.' તેવો જ્ઞાનનો મદ આડે આવ્યો ને સ્ત્રી જાતિમાં ફેંકાઈ ગયા !

જ્યારે ભરત-બાહુબલી પૂર્વભવમાં ૫૦૦ સાધુની સેવા કરી ચક્રવર્તી અને તેથી ય અધિક શક્તિને વર્યા !

માટે સેવાને જ શાસ્ત્રમાં 'વૈયાવચ્ચ' કહી છે.

(૧) વૈયાવચ્ચ ગુણને શાસ્ત્રમાં ફલાપેક્ષયા અપ્રતિપાતી કહ્યો છે. કારણ કે તે સાધુ આદરભાવનો જનક હોઈ મોક્ષ પ્રત્યે પ્રધાન અંગ બને છે. (૨) વૈયાવચ્ચના અવસરે સ્વાધ્યાયને ગૌણ કરવો તેવા વિધાન મળે છે; કિન્તુ સ્વાધ્યાયનો સમય થાય ત્યારે વૈયાવચ્ચ બાજુએ મૂકી દેવી તેવું હજી સુધી વાંચ્યું કે સાંભળ્યું નથી. (૩) જ્ઞાનયોગ તો જ્ઞાન-ક્ષયોપશમવાળા જ આરાધી શકે છે જ્યારે વૈયાવચ્ચ યોગ તો સાધુમાત્ર આરાધી શકે છે. (૪) જ્ઞાનયોગમાં તો માત્ર એક જ યોગની આરાધના થાય છે જ્યારે સેવામાં તો દરેક સાધુના દરેક યોગની આરાધનાનો લાભ મળે છે.

આમાંય વળી ગમતી સેવા સુકર છે, ન ગમતી સેવા જ દુષ્કર છે. ફરવાની રુચિવાળાને ગોચરી જવું સહેલું છે જ્યારે આયંબિલશાળામાંથી પાણી લાવવું મુશ્કેલ છે !

'અહં'ને દૂર હડસેલી સેવા કરવી જો દુષ્કર, તો જે સમયે જે સેવાની જરૂરત હોય તે સમયે ઉલ્લાસ સહિત તે સેવા કરવી તે દુષ્કારાતિદુષ્કર છે.

સેવાના સાચા ભાવની પરીક્ષા ખરે ટાણે જ થાય છે. અને ત્યારે પાર ઉતરેલને જ સેવાનું સાચું ફળ મળતું હોય છે.

પ્રસંગ હતો ગુરુદેવ પંન્યાસશ્રી ભાનુવિજય મહારાજની આચાર્ય પદવીનો. સ્થાન હતું અમદાવાદ-દાનસૂરિ જ્ઞાનમંદિરનું.

આખું જ્ઞાનમંદિર જ્ઞાની વૈરાગી સાધુઓથી ભર્યું ભર્યું હતું. ચોથા આરાનો માહોલ પ્રવર્તતો હતો. કારણકે આજે અનેક સમર્થ શિષ્યોના સંવિગ્ન ગીતાર્થ ગુરુને 'આચાર્ય' પદે સ્થાપિત કરવાના હતાં.

'આચાર્યો છે જિનધરમના, દક્ષ વ્યાપારી શૂરા' એ એમની જ કૃતિને ચરિતાર્થ કરવાનો અધિકાર અને અવસર જવાબદારી સાથે તેમના પાવન હસ્તમાં સોંપવાનો હતો.

'આ આચાર્યપદ ગુરુદેવને માટે, અમારા માટે અને સકલ સંઘને માટે ઉન્નતિ-આબાદી અને મંગલ કરનારું બની રહે' તે આશયે કૈંક સાધુઓએ અઠ્ઠમનો તપ કર્યો, કેટલાકે ચોથભક્ત કર્યું તો કેટલાક સાધુઓએ ષડ્‌રસત્યાગ આયંબિલ કર્યું.

બધા સાધુઓ મહોત્સવ માણવામાં મશગુલ હતાં ત્યારે એક સાધુ ઉપાશ્રયમાં હતાં ગુરુની નારાજગીથી નહિ પરંતુ ગુરુની રાજગી અને સાધુઓની તાજગી માટે...!

સહુને પ્રસંગ માણવાનો મુક્ત મોકો આપીને તેઓએ ઉપાશ્રયની બધી જ વ્યવસ્થા સંભાળી લીધી.

મહોત્સવ દરમ્યાન ૪૦-૪૦ ઘડા પાણી ચોથે માળે પહોંચાડીને પાણીથી સહુની ભક્તિ કરી.

મહોત્સવના ઉપલબ્ધ થતાં ફોટા પરથી તે સાધુ 'પ્રમાણ' આપવા સમર્થ નથી કે 'પોતે પ્રસંગમાં હાજર હતાં' !

'તે સાધુ કોણ હતા ?' તેમના નામનો ફોડ પાડવાની જરૂર છે ખરી ?

**: આલેખન :**
**પરમ પૂજ્ય મુનિશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

(અનુસંધાન પાના નં. ૨૧ નું)

છે તે વિરાગના અભાવમાં જ પ્રગટ થાય છે અને દેખીતા અન્ય ગુણોનો નાશ કરે છે.

વૈરાગ્યની હાજરીમાં મોહનીયના કોઈ દોષની પક્કડ હોતી નથી. અહીં મોટે ભાગે દોષ દોષ તરીકે ઓળખાઈ જાય છે. પ્રાપ્ત કોઈપણ ભૌતિક કે આધ્યાત્મિક શક્તિની ટોચમાં પણ જીવ રાગાંધ બનતો નથી. અને શક્તિહીનતામાં રાગના જ રૂપાંતરરૂપ દીનતામાં જકડાતો નથી. ગારવ-શલ્ય-નિયાણું એ બધા રાગના જુદા જુદા પ્રકારો-પેટાભેદો છે. આ બધું રાગના ઘટાડાથી ઘટે છે.

મોહનીયના બીજા બધા ભેદો પહેલા નાશ પામે છે જ્યારે રાગ-લોભ છેલ્લો જાય છે. મિથ્યાત્વ મંદ પડ્યા પછી વૈરાગ્ય આવે છે. અનભિગ્રહીક મિથ્યાત્વ એ મંદમિથ્યાત્વનું સ્વરૂપ છે.

દુઃખગર્ભિત વૈરાગ્ય અને મોહગર્ભિત વૈરાગ્ય એ વૈરાગ્ય શબ્દથી બોલાય છે, ઓળખાય છે. પરંતુ એ અંદરથી રાગનું અને બહારથી ત્યાગનું રૂપક છે. તેથી દુઃખગર્ભિત વૈરાગ્યમાં ભૌતિક સુખી જીવો ગમે છે અને પોતાને ભૌતિક સુખ મળતા બાહ્યથી પણ વૈરાગ્ય જતો રહે છે. કારણ કે અંદર વૈરાગ્ય હતો જ નહીં. તેમ મોહગર્ભિત વૈરાગ્યમાં બાહ્યવૈરાગ્ય હોય પણ સાથે સ્વચ્છંદતા-સ્વતંત્રતા-અસમર્પિતતા-ઉચ્છુંખલતા-માયાવીપણું-અહંકારીપણું-ક્રોધાવસ્થા-અધ્યાત્મ સિવાયની વાતોનું કે અધ્યયનનું મહત્ત્વ-તેનો રસ આદિ હોય તેનું જીવન શાંત-સ્વસ્થ-પ્રસન્ન-અંતર્મુખ-બાહ્યવાતો-વ્યવહારોથી રહિત જોવા ન મળે. આવા મોહ-માયા-મમતા-આડંબર વગેરેથી યુક્ત આંશિક ત્યાગ દેખાય તે મોહ-ગર્ભિત વૈરાગ્ય કહેવાય જે વાસ્તવમાં મોહનું જ બદલાયેલું રૂપ છે.

મોહ મંદ પડે અને જે રાગના હ્રાસરૂપ મોહના ઘટાડારૂપ વૈરાગ્ય પરિણતિ અનુભવાય ત્યારે એની સાથે મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જોડાયેલ હોય છે. તે મોહનીયના ક્ષયોપશમમાં મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ ભળવાથી આ વૈરાગ્યને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. આ વૈરાગ્યકાળ-માં વાતો-વ્યવહારોમાં વિવેક-ઔચિત્ય-સ્વસ્થતા-વિચારકતા-કષાયનિગ્રહ-અનેકાંતદૃષ્ટિ-અનેકાંત પ્રધાન આજ્ઞાપારતંત્ર્ય વગેરે વણાયેલ હોય છે. મોહગર્ભિતતાના એકપણ લક્ષણ આમાં હોતા નથી. અચરમાવર્તમાં વાસ્તવિક જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ન હોય. અપુનર્બંધકથી આંશિકપણે આ વૈરાગ્ય પ્રાપ્ત થતો જાય-વિકસતો જાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જીવને ઝડપથી મોક્ષમાર્ગે આગળ વધારે છે, અનંતા ગુણો પ્રાપ્ત કરે છે-મુક્તિ સુખ અંતે અપાવે છે. ●

# વૈરાગ્ય શતક

વાચનાદાતા : સિદ્ધાંત દિવાકર
પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ
સંકલન : પરમ પૂજ્ય મુનિરાજશ્રી સત્યકાંતવિજયજી મહારાજ

**कीलसि कियंतं वेलं, सरीरवावीई जत्थ पइसमयं ।**
**कालरहट्ट-घडीहिं, सोसिज्जइ जीविअंभोहं ॥९०॥**

**ગાથાર્થ-દેહ રૂપી વાવડીમાં તું કેટલો સમય ક્રીડા કરીશ ? જેમાંથી દરેક સમયે કાળ રૂપી રેંટની ઘડીઓ વડે જીવિત રૂપી પાણીનો પ્રવાહ શોષાઈ જાય છે. ॥૯૦॥**

*90. O Living being, How long will you play and indulge your self ? For each moment, The rehat of time is pulling out the water of your lifespan.*
*rehat=buffalo driven wheel of buckets employed to draw water from a well.*

સડસડાટ દોડતી કાર ક્યાં લગી મુસાફરીનો-ડ્રાઈવીંગનો આનંદ આપી શકે. તો કહેવું પડે કે જ્યાં સુધી ટાંકીમાં પેટ્રોલ ભરેલ હોય અને જેમ જેમ રસ્તો કપાતો જાય તેમ તેમ પેટ્રોલ ઓછું થતું જાય અને એક સમયે ગાડી આગળ વધતી અટકે.

સરસ રીતે પાણીની જેમ સહજતાથી ચાલતી પેનથી ક્યાં સુધી લખી શકાય ? જ્યાં સુધી અંદર શ્યાહી છે ત્યાં સુધી અને જેમ-જેમ લખતા જાવ તેમ તેમ શ્યાહી ખૂટતી જાય અને એક વખત પેન ચાલતી બંધ.

તેમ સુંદર-સમર્થ દેખાતા આ શરીર પાસેથી આનંદ-મોજશોખ ક્યાં સુધી લઈ શકાય તેનો સાચો જવાબ આપતા આ ગાથામાં કહે છે કે, જે શરીરરૂપી વાવડીમાંથી કાલરુપ અરઘટ્ટ ઘડીઓથી આયુષ્યરૂપી પાણી નિરંતર ખાલી કરાય છે તો તે વાવડી ખાલી થતા શું વાર લાગે ? અર્થાત્ ખાલી થઈ જ જાય-અર્થાત્ આયુષ્યપૂર્ણ થયે જીવ શરીરને છોડીને બીજે ચાલ્યો જાય છે.

જીવ આયુષ્યના આધાર ઉપર શરીર ધારણ કરીને રહે છે. આયુષ્ય પૂર્ણ થતાં સંસારી જીવને શરીર છોડીને, શરીરને અહીં મૂકીને બીજે જવું જ પડે છે.

જેમ જીવને શરીર છોડવું જ પડે છે તેમ શરીર દ્વારા સંકળાયેલ બધી જ વસ્તુઓ અને બધા જ સંયોગો છુટી જાય છે એટલે કે બધા જ સંયોગજન્ય જીવને પ્રાપ્ત થતા હૂંફ-આનંદ-અનુકૂળતા પણ છુટી જાય છે, નાશ પામે છે. એટલે કે સંસારી જીવને અનુકૂળ-પ્રતિકૂળ ચીજો-વસ્તુઓ-સંયોગો ભવોભવ-દરેક ભવે બદલાતા જાય છે. જીવ એવી પરિસ્થિતિમાં કેટલો કાળ સુખની લાગણી અનુભવી શકે ?

સારાંશ એ છે કે કાળની જેમ=દિવસ-રાત્રિની જેમ સુખ-દુ:ખના સંયોગો અને તજ્જન્ય અનુભવો ફરતા જ રહે છે. સંસારી આત્માને ક્યારે પણ કાયમી સુખ નથી અને દુ:ખ કાયમી જેવું બહુધા હોવા છતાં એ પણ વધઘટવાળું થાય છે અને આંશિક સુખ દ્વારા વચ્ચે વચ્ચે બદલાતું પણ છે.

**આ પરિસ્થિતિમાં કાયમી દુ:ખ છોડવાની પ્રક્રિયા અને કાયમી સુખી રહેવાનો રસ્તો છે. પુદ્‌ગલજન્ય સંયોગજન્ય સુખની ઉપેક્ષા-ઉદાસીનતા અને ત્યાગ કરતા રહેવું. તેને ગૌણ-અપ્રધાન સમજવું. એમાં સુખની બુદ્ધિ કરાવનાર વ્યક્તિ-વસ્તુ-વાતાવરણને અનિત્ય-અશરણ-અન્યત્વ-સંસાર વગેરે ભાવનાથી-પારકા-નાશવંત-પરાધીન સમજવા. તે માટે વૈરાગ્યભાવનાથી ભાવીત બનવું.**

**વૈરાગ્ય એ આત્માનું સ્વાભાવિક સંપૂર્ણ સુખ-આનંદ જે કાયમી છે તેને મેળવી આપવાનો અસાધારણ વિશિષ્ટ ઉપાય છે.**

જેનાથી ક્રમશઃ આત્મસુખની-નિર્ભયતાની અનુભૂતિ થાય છે. ભૌતિક દુ:ખો ઘટતા જાય છે, એને સહન કરવાની વૃત્તિ-શક્તિ, ધૈર્ય-સત્ત્વ પ્રગટે છે, એનાથી થતા ભય-ઉદ્વિગ્નતા નાશ પામે છે, જીવ એને શાંતિથી સહન કરે છે અને વૈરાગ્યના કારણે એ દુ:ખો નિરનુબંધ થઈને નાશ પામે છે, વધારે ટકતા નથી.

ભૌતિક સુખો ઉપર પણ જીવનો ઉદાસીન ભાવ હોવાથી, મમતા-રાગાંધતા ન હોવાથી જીવ એમાં આસક્ત બનતો નથી. **વૈરાગ્યના કારણે જે પુણ્ય બંધાય તેનાથી જીવને ભૌતિક સુખો બહુધા મોક્ષ પ્રાપ્તિ સુધી કાયમી જેવા રહેવા છતાં જીવ એને પૃથ્વીચંદ્ર આદિની જેમ સહેલાઈથી છોડી શકે છે. અને ભોગવતી વખતે એમાં નિર્લેપતા પણ રાખે છે.**

વૈરાગી આત્માને ભૌતિક સુખના સંયોગો બદલાય ત્યારે પણ એ વૈરાગ્યના કારણે આંતરિક આનંદની હાનિ થતી નથી. કારણ કે શાશ્વત-નિરુપાધિક-આત્મિક સુખનું કારણ વૈરાગ્યનું સુખ છે. આ રાગરહિતતા અને રાગની દુ:ખકારિતાની ભાવનાથી જીવને જે શાંતિ-પ્રસન્નતા-હિંમત-ઉત્સાહ મળે છે એ અત્યંત વિશિષ્ટ છે અને ભૌતિક પરાકાષ્ટાના સુખ કરતાં પણ ચડીયાતી પ્રસન્નતા છે.

પ્રથમ દ્વેષ જીવનમાંથી ઘટતો જાય અને મૈત્રીભાવ આવે...દ્વેષના બાહ્ય સાધનો નિમિત્તો ઉપર ઉપેક્ષા-ઉદાસીનતા આવે પછી ધીમે ધીમે જીવ શમવાળો બને. આ શમવાળો જીવ બને ત્યારે બાહ્ય દુ:ખોમાંથી દુ:ખની ભાવના-વિચારણા-બુદ્ધિથી મુક્ત પ્રાયઃ બને.

આ દ્વેષના પરિણામો મંદ પડે પછી રાગના પરિણામો મંદ પાડવાનું સત્ત્વ જીવમાં પ્રગટે છે. એથી **રાગને મંદ પાડવાના-છોડવાના પ્રયત્નને-એની વિચારધારાને-એની ભાવનાને વૈરાગ્ય કહેવાય છે. આ વૈરાગ્ય એ ભવનિર્વેદનું બીજું નામ છે.**

દ્વેષ છોડવા કરતાં રાગ છોડવો મુશ્કેલ છે. સામે આવેલ-મળતી અણગમતી પણ ચીજનો સ્વીકાર સહેલો છે પણ મળેલ સારી વસ્તુને આપી દેવી-છોડવી કઠણ છે તે આપણને અનુભવસિદ્ધ છે.

વૈરાગ્ય એ મોક્ષમાર્ગનું આંતરિક સ્વરૂપ છે અને એના વિશિષ્ટ સ્વરુપરુપ સમ્યગ્દર્શન વગેરે ભેદો છે એના પ્રધાન ઉપાયોને સમ્યગ્દર્શન વગેરે નામથી ઓળખાય છે.

વૈરાગ્ય એ ભવનિર્વેદની એક સાઈડ છે અને

બીજી સાઈડ સંવેગની છે.

વૈરાગ્યથી જે ભવનિર્વેદ થાય તેનાથી આત્માની ભાવ અનુકંપા ઉભી થાય છે. પાપસ્થાનો અને પાપોમાં જીવને જે રાગદ્વેષની પરિણતિ થાય છે તે સર્વ સંસારના દુઃખનું મૂળ છે આ વાત ભવનિર્વેદથી જીવ સમજે છે અને એના દ્વારા આત્માને પાપોની પ્રવૃત્તિથી-વિચારથી જે બચાવવા ઈચ્છે છે તેઆત્માની ભાવ અનુકંપા છે અને બીજાને પણ ધર્મ પમાડવા દ્વારા પાપ નિવૃત્તિ કરાવવાની જે લાગણી એ બીજાની ભાવ અનુકંપા છે એ પણ શક્ય ન હોય ત્યારે બીજાના બાહ્યપ્રાણોની રક્ષા એ દ્રવ્ય અનુકંપા પ્રથમ ભૂમિકા રુપે છે.

આ વૈરાગ્ય જ્ઞાન વિવેક ઔચિત્યયુક્ત હોય છે અન્યથા એ રાગ-દ્વેષનું રુપાંતર સમજવું-વૈરાગ્ય એ જ્ઞાનગર્ભિત સમજવો.

સ્વપરની ભાવ અનુકંપાવાળાની દ્રવ્ય અનુકંપાએ પ્રધાન છે. દ્રવ્ય અનુકંપા જીવદયાની લાગણીથી જો થાય તો તે સમ્યકૃત્વનું કારણ અને ભાવઅનુકંપાનું પણ કારણ છે.

વૈરાગ્ય એ વીતરાગતાનું કારણ છે. વૈરાગ્ય જેમ સંસાર=કષાય-વિષયોની નિવૃત્તિનું કારણ છે તેમ વૈરાગ્ય એ મોક્ષના કારણરુપ દ્રવ્ય-ભાવ ઉપાયોનું-સંવેગજન્ય પ્રકારોનું પણ કારણ છે. આશ્રવ નિવૃત્તિ-સંવર પ્રવૃત્તિનું મૂળભૂત કારણ વૈરાગ્ય છે. વૈરાગ્યની તીવ્રતા એ પ્રજ્ઞાપનીયામય બને છે, સમર્પણ પણ લાવે છે અને આસ્તિકતા પણ જન્માવે છે.

વૈરાગ્ય એ સર્વગુણો-સર્વ અધ્યાત્મ પ્રક્રિયાનું મૂળ છે માટે મોહ-અજ્ઞાન અને રાગાદિ પરિણતિને સુધારવા આવા ગ્રંથો આત્મસાત-ભાવિત બનાવવા જોઈએ.

रे जीव ! बुज्झ मा मुज्झ, मा पमायं करेसि रे पाव !
किं परलोए गुरुदुक्ख-भायणं होहिसि अयाण ! ॥९१॥

**ગાથાર્થ - હે જીવ ! બોધ પામ, મોહ ન કર. હે પાપી ! પ્રમાદ ન કર. હે અજ્ઞાની ! પરલોકમાં ભારે દુઃખનું ભાજન શા માટે થાય છે ? ॥૯૧॥**

*91. O Living being, Attain true insight ! O sinner, Give up sensuous indulgence and indolence ! O ignorant one, Do you wish to experience Extreme unhappiness and misery after death ?*

બોધ પામ્યા વિના બોધિ પ્રાપ્ત થતી નથી અને મૂંઝવણ ગયા વિના મસ્તીનો અનુભવ કરી શકાતો નથા.

અજ્ઞાન અને આસક્તિ આગળ વધવામાં અટકાયત કરે છે. अन्नाणी किं काही ? અને 'मा पडिबंधं करेह' આ બન્ને સૂત્રો આપવા પાછળનો ઉદ્દેશ શું છે ? અજ્ઞાનીને જ્ઞાન અને આસક્ત (વિષય-કષાયોમાં મુંઝાતો-મૂઢ બનતો) ને ભાન ન હોવાથી પાપ છોડતો નથી. નવા કર્મ બાંધીને પરલોકમાં મોટા દુઃખોનું ભાજન બને છે.

જીવની બે અવસ્થા છે, સાવધ અને અસાવધ-સજાગ અને ઉપયોગ શૂન્ય, કર્તવ્યનિષ્ઠ-કર્તવ્યશૂન્ય, વિવેકી અને અવિવેકી, સમજણવાળો, સમજણની યોગ્યતાવાળો-સમજણની યોગ્યતા વિનાનો. આમ અનેક પ્રકારે જીવની શુભ અને અશુભ અવસ્થાઓ હોય છે. એમાં જે જીવો જાગ્રત છે, આત્મ પરિણતિવાળા છે, જે પાપનિવૃત્ત છે, જે આરાધના મગ્ન છે તેમને ઉપદેશ આપવાની જરૂર નથી.

(ક્રમશઃ)

## અથ વૈવિધ્યમ્

श्लोक : ''शुध्द्यपेक्षो यथायोगं, चारित्रवत एव हि ।
हन्त ध्यानादिको योगः, तात्त्विकः प्रविजृम्भते ॥''
( बत्रीस-बत्रीसी : १९/१६ )

**શ્લોકાર્થ :** યથાયોગ્ય શુદ્ધિને અપેક્ષીને ચારિત્રવંત આત્માને જ વાસ્તવિક ધ્યાન વગેરે યોગ પ્રગટે છે.

**વિવેચન :** વેદ-પુરાણોમાં એક સુપ્રસિદ્ધ કથાનક છે. શ્વેતકેતુ પ્રખ્યાત વિદ્વાન પંડિતો પાસેથી જ્યારે સાંગોપાંગ અધ્યયન કરી પાછો ફરે છે ત્યારે હર્ષના હિંડોળે ચઢી નગર આખું તેને સત્કારે છે. તે સમયે તેના પિતા શ્વેતકેતુને વેધક પ્રશ્ન પૂછે છે : 'શું તું એવું કંઈ જાણીને આવ્યો કે જે જાણ્યા બાદ બીજું કંઈ જાણવાની જરૂર ન રહે ?'

હાલના તબક્કે આપણે વારંવાર આ પ્રશ્ન જાતને પૂછવા જેવો છે. ૨૫-૫૦ વર્ષની આરાધનાના સરવાળા ઘણા માંડ્યા પણ એના ટોટલમાં શું એવું કંઈ આપણે હસ્તગત કરી શક્યા કે જે પામ્યા, અનુભવ્યા બાદ દુનિયાની કોઈ ભૌતિક ચીજ પામવા, અનુભવવાની જરૂર તો દૂર, ઝંખના ય ન રહે ?

ન્યાયશાસ્ત્રનું એક ચોંટદાર સૂત્ર છે : 'ઉદ્દેશ ઘડો બનાવવાનો હોય તો પ્રયત્ન માટીમાં કરવો પડે.' યોગસામગ્રી સાથે જો માટીમાં પ્રયાસ કરવામાં આવે તો ઘડો તૈયાર થાય, ઉદ્દેશ સિદ્ધ થાય.

આ જ તર્ક બત્રીસ-બત્રીસીના પ્રસ્તુત શ્લોકમાં સંદર્ભમાં લગાડીએ તો ચોક્કસ કહી શકાય : ઉદ્દેશ ધ્યાનનો હોય તો પ્રયત્ન ચારિત્રમાં, વિષય-કષાય વિજયમાં, વૈરાગ્યમાં કરવો જોઈએ.

ઘડો બનાવવો હોય તો સીધે-સીધો ઘડો ના બને. તેના માટે આધાર માટીનો જ જોઈએ. અને ઘડો બન્યા બાદ માટીનું અલગ અસ્તિત્વ ય નથી રહેતું. આ જ રીતે ધ્યાન વગેરે યોગ સિદ્ધ કરવા હોય તો સીધે-સીધા સિદ્ધ ન થાય, તેના માટે આધાર પણ ચારિત્રનો જોઈએ અને આચાર પણ ચારિત્રનો જ જોઈએ. યથાયોગ્ય-યથાસ્થાન ધ્યાન સિદ્ધ થયા બાદ તદનુરુપ ચારિત્રધર્મ બાહ્ય વ્યવહારનું ય અલગ અસ્તિત્વ રહેતું નથી. આ નિશ્ચયમાં વ્યવહાર ધર્મના અન્તર્ભાવને યોગશાસ્ત્રજ્ઞો 'ધર્મસંન્સાય' કહે છે.

નકરા અને કોરા આજના નિશ્ચયવાદીઓને બત્રીસ-બત્રીસી ચૂંટીયો ખણે છે : ભાઈ ! તેલ જોઈએ તો તલ જોઈએ જ. તલ પીસવાથી જ તેલ મળવાની શરૂઆત થાય છે. તેમ 'ધ્યાન' યોગ સિદ્ધ કરવો. અરે ! પ્રારંભ કરવો હોય તો ચારિત્ર જોઈએ. ચારિત્રથી ધ્યાનનો પ્રારંભ થાય છે. ન્યાયસૂત્રની પેલી વ્યવહારુ વાત ભૂલવા જેવી નથી.

યોગગ્રન્થોમાં યોગના પાંચ પ્રકાર જણાવ્યા છે : અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા-વૃત્તિસંક્ષય. સહુપ્રથમ તો આપણે અધ્યાત્મ અને ભાવના દ્વારા આત્માને વિશુદ્ધ બનાવી, તેવા પ્રકારની કર્મ-લઘુતા કરી ચારિત્રને યોગ્ય બનાવવાની જરૂર છે. પૂજ્ય મહોપાધ્યાય યશોવિજય મહારાજના અધ્યાત્મસાર-અધ્યાત્મોપનિષદ્ વગેરે તથા પૂજ્ય મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજની શાન્તસુધારસ ગ્રન્થ અધ્યાત્મ તથા ભાવના માટે વારંવાર વાગોળી, આત્મસાત્ કરી પરિણતિ સુધીના સ્તરે લઈ જવાની આવશ્યકતા છે.

જો આપણામાં અધ્યાત્મ-વૈરાગ્ય નથી, ત્યાગ વગેરે ભાવના નથી તો આપણો આત્મા કેવા પ્રબળ કર્મોથી દબાયેલો અને દટાયેલો હશે ? તે ખાસ આત્મચિંતન પ્રેરે તેવી વાત છે. અને આવું કર્મમાલિન્ય હોય ત્યારે, ધ્યાન તો તબક્કો તો ત્રીજો છે. અધ્યાત્મ અને ભાવના પર જોર આપવાની જરૂર છે. અધ્યાત્મ અને ભાવના દ્વારા આત્મા વિશુદ્ધ બનશે તો સ્વયંભૂ પરમાત્મ-પ્રતિબિંબ આત્મામાં ઝીલાશે. આત્મામાં પરમાત્માનું દર્શન કરવું એ જ તો (સોડહમ્) 'ધ્યાન' છે.

આખરે, ધ્યાન તો માત્ર માધ્યમ છે, માર્ગ છે. એક એવું દોરડું, કે જે પરમાત્મ-દશા સુધી લઈ જાય. આપણી આધુનિક ભાષામાં ધ્યાનને રોપ-વે પણ કહેવાય. જેના એક છેડે ધ્યાતા=આત્મા છે. તો પેલે છેડે ધ્યેય=પરમાત્મા છે.

ધ્યાતા શુદ્ધ ન હોય અને ધ્યેય સ્પષ્ટ ન હોય તો ધ્યાનનું માધ્યમ બંધાય શી રીતે ? બત્રીસી કહે છે, ''શુદ્ધયપેક્ષો...''જેની જેવી શુદ્ધિ, તેનું તેવું સ્વસ્થ ધ્યાન. આપણે 'સ્વ'-સ્થ બની, ધ્યાન યોગ દ્વારા 'અયોગ' અવસ્થા પામીએ...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

# જેલર

લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી અભયશેખરસૂરિજી મહારાજ સાહેબ

ઉત્તર : હા, આ વાત બરાબર છે. પણ જેમ પૂર્વે જણાવ્યું કે, છોકરાએ શું કર્યું છે ? એ ખબર ન હોવા છતાં બાપનો માર પડી રહ્યો હોય તો કલ્પના અપરાધની જ કરવામાં આવે છે. એમ સજા થવા પર સામાન્યથી અપરાધની જ કલ્પના કરવી જોઈએ. ને એ કરવામાં આવે તો સજા માટે મન તૈયાર થઈ શકે છે. તથા કેટલી સજા થઈ છે ? એ ત્યાં આપણને કહેવામાં આવતું નથી. પણ સજા પૂરી થવા પર આપણો દુઃખથી છૂટકારો થઈ જ જાય છે. જે જેલર રોજ સવાર પડે ને કરડાકીપૂર્વક કેદી પાસે મજુરી શરૂ કરાવતો હોય છે. એ જ જેલરનું સજા પૂરી થવા પર વર્તન બદલાઈ જાય છે. સન્માન પૂર્વક કેદીને છૂટો કરી દે છે. આવું જ કર્મસત્તાની કોર્ટના જેલરનું છે.

પવનંજય જાન લઈને અંજનાસુંદરીને પરણવા આવ્યો છે. લગ્નની આગલી રાતે અકાળ ઉત્સુકતા જાગી છે કે ભાવી પત્નીનું રૂપ કેવું છે ? એ જોઈ લઉં. મિત્ર પ્રહસિત સાથે ગુપ્તવેશે અંજનાના મહેલે રાત્રે પહોંચ્યો છે. અંજનાનું રૂપ જોઈને મોહી પડ્યો. પણ ત્યાં અંજનાની સખીઓ મશ્કરીના વાદે ચઢી છે. વાત એવી બનેલી કે અંજનાના માતપિતા સમક્ષ બે રાજકુમારોના પ્રસ્તાવ આવેલા. એક પવનંજયનો, બીજો વિદ્યુત્પ્રભનો. વિદ્યુત્પ્રભ ચરમશરીરી છે. ને ચરમશરીરી છે માટે મહાગુણિયલ હોય જ. પણ આયુષ્ય ઓછું હોવાથી અંજનાના લગ્ન પવનંજય સાથે નિશ્ચિત થયેલા. પવનંજય પણ ગુણિયલ ને પરાક્રમી છે જ. સખીઓ અંજનાનો ચીડવવા માટે અંજનાના સાંભળતાં પરસ્પર વાતો કરી રહી છે. 'ભલેને આયુષ્ય ઓછું હોય. ચરમશરીરી એ ચરમશરીરી...એને જ વરવાનું હોય' વગેરે. છદ્મવેશે આવેલ પવનંજય આ સાંભળી રહ્યો છે. પવનંજય વિચક્ષણ છે. આર્યસન્નારીની મર્યાદાઓનો અજાણ નથી. આવા અવસરે મૌન એ જ આર્યનારીનો ઉચિત પ્રતિભાવ છે એવા ખ્યાલવાળા એને અંજનાના મૌન પર અકળાઈ જવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. પણ કર્મસત્તા અંજનાને સજા કરવા માગે છે. ને તેથી વિચક્ષણ-પ્રેમાળ એવા પણ પવનંજયને ઉંધો વિચાર આપ્યો. 'અંજના મારો પક્ષ લેતી નથી. સખીઓને રોકતી નથી. તો જરૂર વિદ્યુત્પ્રભને ચાહતી હશે.' પરિણામે ? પરણ્યાની રાતથી સજાનો પ્રારંભ થઈ ગયો. પવનંજયે અંજનાનો ત્યાગ કરી દીધો. અંજના તો મહાસતી છે. પતિવિરહે શૃંગાર ત્યાગ કર્યો છે. ઝુરી ઝુરીને કૃશકાય ને મ્લાનવદન થયેલી છે. પણ સ્વકર્મ દોષને જોવા દ્વારા ન માત્ર પવનંજય પ્રત્યેના દ્વેષને ટાળ્યો છે, દિલના પ્રેમને પણ એવો જ અખંડ રાખ્યો છે. બાવીશ-બાવીશ વર્ષના વહાણાં વીતી ગયા. પણ પવનંજય સિવાયના પુરુષને મનથી પણ ઈચ્છતી નથી. ને જ્યારે પવનંજય યુદ્ધ માટે પ્રયાણ કરી રહ્યો છે તો એ જ પ્રેમથી એને શુભકામના આપવા એના ચરણોમાં ઝુકી ગઈ છે. એ વખતે પણ પવનંજયે અમીદૃષ્ટિ તો નહીં જ, ભારે તિરસ્કારપૂર્વક હડધૂત કરી નાખી છે. જમીન પર ઢગલો થઈને ફસડાઈ પડી. સખી વસંતતિલકા માંડ માંડ એને એના મહેલમાં લઈ આવી.

પવનંજયનું પ્રયાણ થઈ ગયું. સંધ્યા સમયે પ્રથમ છાવણી સરોવરના કિનારે પડી છે. વિદ્યાબળે ત્યાં પણ મહેલ ઊભો કરી દીધો.

ઝરુખામાંથી સરોવરની શોભા જોઈ રહેલા પવનંજયે ચક્રવાકના વિરહમાં ઝુરતી ચક્રવાકીને જોઈ... એનો કરુણ વિલાપ જોયો. દિવસના બાર કલાક તો બન્ને સાથે રહ્યા છે. રાત્રીના બાર કલાકના વિરહની પણ આ વેદના ! ને અચાનક પવનંજયને અંજના યાદ આવી ગઈ. અંજના પ્રત્યેનો પૂર્વગ્રહ વિલીન થઈ ગયો ને પ્રેમના અંકુરા ફૂટ્યા. પ્રેમ તો એવો પાંગર્યો કે હવે એક ક્ષણનો વિલંબ ખમવા પણ તૈયાર નથી. તત્કાળ પ્રહસિત મિત્રને લઈને વિદ્યાબળે સીધો જ અંજનાના મહેલમાં.

અહીં જરા ઊંડાણથી વિચારીશું તો જણાશે કે, ચક્રવાકીના વિલાપને જોવા પર પવનંજયને, આજ સુધીના પૂર્વગ્રહ અને તિરસ્કારના પ્રભાવે આવો જ વિચાર આવવો શક્ય ગણાય કે 'એક રાતનો પણ વિરહ સહન ન કરી શકનાર આ ચક્રવાકીનો સ્વપતિપ્રત્યેનો કેવો અથાગ પ્રેમ ! ને અંજના ! છટ્ બીજા પુરુષને ચાહનારી !' માતપિતા કે પ્રહસિતદ્વારા અપાતી સમજણને પણ બિલકુલ ન ગણકારનાર પવનંજયનો પૂર્વગ્રહ આજે સ્વયં દૂર થઈ જવો, વિચારધારા બદલાઈ જવી. આ શી રીતે શક્ય બને ? પણ આ શક્ય બન્યું છે એ સૂચવે છે કે સજા પૂરી થઈ ગઈ એટલે જેલરનું વર્તન બદલાઈ ગયું. કેદીનો સજામાંથી છૂટકારો થઈ ગયો.

વર્ષોથી ઘર કરી ગયેલા રોગને નાબૂદ કરવા કેંક મથામણ કરી હોવા છતાં મોટા મોટા ડૉક્ટરો ને ભારે ભારે દવા પાછળ લાખો ખર્ચી નાખવા છતાં, જરાય મચક ન આપનારો રોગ ક્યારેક સાવ સામાન્ય નુસખા જેવી રૂપિયા બે રૂપિયાની દવાથી સાવ નિર્મૂળ થઈ જતો જોવા મળે છે. આમાં પણ મૂળવાત તો આ જ છે કે કર્મસત્તાની કોર્ટે ફરમાવેલી સજા પૂરી થઈ ગઈ છે. એટલે નિમિત્ત તો ગમે તે બની શકે છે, પણ જીવને સજામાંથી ડિસ્ચાર્જ મળી જાય છે.

તા. ૮-૨-૦૪ ના ગુજરાત સમાચારમાં વાંચેલો એક પ્રસંગ : પરદેશમાં એડ્વિન રોબિન્સન નામના એક ટ્રક ડ્રાઈવરને એક્સીડંટ થયો. ટ્રીટમેંટ કરાવી. છતાં પણ બન્ને આંખોની રોશની ગઈ, કાને સાંભળવાનું બંધ થઈ ગયું. ઘણાં ડૉક્ટર ને ઘણી દવા બાદ કાને મશીન લગાડવાથી મોટેથી બોલાયેલા શબ્દો માંડ માંડ સાંભળવાની શરૂઆત થઈ. પણ આંખો માટે તો 'હવે આખી જિંદગી અંધાપો

રહેશે. કારણકે અંદરની યંત્રણા જ ખતમ થઈ ગઈ છે.' એવું ડૉક્ટરે સ્પષ્ટ કહી દીધું. એ વખતે એની ઉંમર ૫૩ વર્ષની હતી. ડ્રાઈવિંગ બંધ થઈ ગયું. સ્ટીક લઈને આસપાસ ફરતો. આંગણામાં એક નાનો બગીચો બનાવ્યો. એની કાળજી લેતો. નવવર્ષ આ રીતે વીત્યા. એક વખત જે વૃક્ષ પાસે ઊભો એના પર જ આકાશમાંથી વીજળી પડી. વૃક્ષ ધરાશાયી થઈ ગયું. પોતે પણ જમીન પર પડ્યો. બેહોશ થઈ ગયો. વીસેક મિનિટ બાદ જ્યારે હોંશમાં આવ્યો ત્યારે આશ્ચર્ય ! એ બહુ જ સ્પષ્ટ રીતે જોઈ, સાંભળી શકતો હતો. એના આંખના ડૉક્ટરની આંખ પહોળી થઈ ગઈ. શું વીજળી પડવાથી અંધાપો દૂર થઈ જાય ? કહો, સજા પૂરી થઈ ગઈ એટલે ડિસ્ચાર્જ મળી ગયો.

માટે, બે વરસ થયાં.. ત્રણ વરસ થઈ ગયાં.. કશો ફરક પડતો નથી.. હવે ક્યાં સુધી ત્રાસ વેઠવો ? આવી અકળામણ થાય ત્યારે જીવને સમજાવવું જોઈએ કે 'જીવડા ! શા માટે આકળો થાય છે ? સજા પૂરી થશે એટલે છૂટકારો થઈ જ જવાનો છે.' ક્યારેક અપરાધને અનુસરીને સજા લાંબી હોય તો જિંદગીના છેડા સુધી પણ સજા રહે. અકળાવું ન જોઈએ.

પ્રશ્ન : પણ જિંદગી ટૂંકી હોય ને સજા વધારે હોય તો ?

ઉત્તર : તો સજા પરલોકમાં પણ સાથે આવે છે. કેટલાય ભવ સુધી દૌર્ભાગ્ય-દરિદ્રતા-શરીરની વિષમતા વગેરે લંબાયા કરતા હોય એવા ઢગલાબંધ દૃષ્ટાંતો શાસ્ત્રોનાં પાને નોંધાયેલા છે. છતાં શાસ્ત્રવચનોનાં રહસ્ય અને અનેક દૃષ્ટાંત પરથી આપણે આવું અનુમાન બાંધીએ કે "જીવ જો, ગમે તેવી યાતના-ભરેલી સજાને (અન્યો તરફથી વારંવાર અન્યાય, દિલને ચીરી નાખે એવા કડવાવેણ, ટોર્ચરિંગ, શારીરિક-માનસિક પીડા વગેરે સર્વ પ્રકારના દુઃખને) સ્વીકારપૂર્વક સમતાપૂર્વક સહી લે છે. વર્ષોના વર્ષો સુધી ત્રાસ લંબાવા છતાં 'મારાં કર્મો દુષ્ટ છે' એવા વિચારદ્વારા એની અકળામણને અને ઉત્પીડક જીવ પરના દ્વેષને-વેરભાવને ટાળવામાં સફળ થાય છે. તે ઠેઠ એ ઉત્પીડકજીવ તરફથી મરણતોલ પ્રહાર થાય ને મોત આવી જાય, તો પણ પોતાની સમતા ગુમાવતો નથી. તો હવે પછી ગમે એટલા સેંકડો હજારો લાખો વર્ષોની જ નહીં, લાખો જનમો સુધીની બેલેન્સમાં રહેલી સજાને કર્મસત્તાની કોર્ટ એક ઝાટકે પ્રાયઃ કરીને રદ કરી નાખે છે. અરે ! રદ કરી નાખે છે. એટલું જ નહીં, એ જીવને ભવ્ય ઈનામોથી નવાજીને અત્યંત સન્માનનીય સ્થાન પર મૂકી દે છે." તો આ અનુમાનમાં કશું વાંધાજનક જણાતું નથી.

'એટલે અન્યો તરફથી થતા ત્રાસને સમતાપૂર્વક સહી લેવો એ આત્મહિતનો શોર્ટકટ છે.' એવું વિધાન કરવામાં પણ કોઈ અતિશયોક્તિ જણાતી નથી. વર્ષોના વર્ષો સુધી સુંદર સાધના કરવા છતાં નહીં પ્રગટેલું કેવલજ્ઞાન, ઉપસર્ગકાળે સમતા રાખવાના પ્રભાવે બહુ જ અલ્પકાળમાં પ્રગટ થઈ જાય છે એ વાત ઝાંઝરીયા મુનિ, ખંધકસૂરિના પાંચસો શિષ્યો, ખંધકઋષિ વગેરે ઢગલાબંધ દૃષ્ટાંતોમાં પ્રતીત થાય છે. (ક્રમશઃ)

## આજની વાત

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરિજી મહારાજ સાહેબ**

**('બીજાના દોષો જોવા; તે આપણો જ દોષ છે' વિષયક દોષનાશક પત્રનો સારાંશ. સ્થળ : શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન તીર્થ, ધોળકા.)**

કર્મને આધીન થઈને જીવો સંસારમાં ભટકતા હોય છે. અનંત ગુણમય આત્મા પણ કર્માધીન હોવાથી જ વિવિધ દોષથી ગ્રસ્ત બને છે. સંસારી પ્રત્યેક આત્મામાં ગુણ અને દોષ બંને રહેવાના. ક્ષયોપશમ ભાવથી ગુણ પણ પ્રગટે અને ઔદયિક ભાવે દોષ પણ.

માટે, કોઈ પણ જીવના દોષને જ નજરમાં લઈને તેના પ્રત્યે દુર્ભાવ કરવાથી આપણો આત્મા દુર્ભગ-અનાદેય નામકર્મથી બંધાય. તેમાં ય ધર્મસ્થાન પર, ધર્માનુષ્ઠાન પર, સંઘ પર, દુર્ભાવ કરવાથી વિશેષ ચીકણાં દુર્ભગ કર્મ બંધાય.

અને, ધર્મ દ્વારા વિશુદ્ધિ ઈચ્છતો આત્મા તેવા પ્રકારના કર્મના વિપાકો ભોગવે કે જે દોષને લઈને દુર્ભાવ કર્યો હોય તે જ દોષના ખાડામાં આત્મા જઈ પડે.

એક ગુણ પરની પક્કડ જેમ ધીરે-ધીરે બીજા પણ ગુણોને ખેંચી લાવે. તેમ આવા કોઈ એકાદ દુર્ગુણ દુર્ભાવની પ્રબળતા બીજા દુર્ગુણોને ખેંચી લાવે. એક સ્થાને કરેલો દુર્ભાવ વિષની જેમ પ્રસરી સર્વસ્થાને ફેલાઈ જાય. ચંડકૌશિકના ક્રોધની જેમ બધા જ દુર્ગુણો ગુણાકાર થતાં જાય.

આજે કોઈ એક સાધુ કે સાધ્વી પ્રત્યે કરેલો દુર્ભાવ સાધુમાત્ર વિષે પણ ફેલાઈ શકે છે. અને આ દુર્ભાવ તો જ્યારે ફેલાશે ત્યારે, પણ વર્તમાનમાં એક સાધુનો દુર્ભાવ-અનાદર કરવાથી સર્વ સાધુની આશાતનાનું પાપ લાગે.

ભાવ સાધુપણું પામેલા અને ભાવસાધુતા ઝંખનાર આત્મા કોઈના પણ ઉપર દુર્ભાવ ન કરે, ના રાખે. દુર્ભાવને રોકવા, ટાળવા અને દુર્ભાવથી આત્માને રક્ષવા માટે આ મુદ્દાઓ યાદ રાખી વારંવાર વાગોળવા. શુભના ઉપયોગ અને અભ્યાસથી અશુભ નાશ પામે છે તેમ ગુણના વારંવારના ઉપયોગ અને અભ્યાસથી દુર્ગુણ નાશ પામે છે.

- દુર્ભાવ દૂર કરવા માટેની ભાવના.
- કોઈ વ્યક્તિ પરનો દુર્ભાવ એ જાતને જ દુર્ગુણી બનાવવાનો માર્ગ છે. બીજા પરનો દુર્ભાવ એ આપણે અવિવેક અને આપણા જ દુર્ગુણનું પ્રતિબિંબ છે.
- માધ્યસ્થ્ય, ઉપેક્ષા, ઉદાસીનતા, મૈત્રી વગેરે ભાવો કેળવવાની આપણી યોગ્યતા ઘટતી જાય છે, વારંવારના દુર્ભાવથી યોગ્યતા નાશ પણ પામે છે. યોગ્યતા વિહીન આત્મા ધર્મમાંથી પણ ભ્રષ્ટ થાય છે.
- આપણામાં પણ ઘણા વ્યક્ત-અવ્યક્ત દોષો રહેલા જ છે. અનેકાનેક દોષોથી ગ્રસ્ત આપણા આત્મા તરફ જ નજર કરવી. પરદોષદર્શનથી હટવા આત્મદોષ દર્શન સતત કરતાં રહેવું.
- જે વ્યક્તિ પર દુર્ભાવ થાય છે, તે વ્યક્તિ પણ ઘણા બીજા ગુણોથી યુક્ત છે. એ ગુણોને દૃષ્ટિમાં લાવી યાદ કરવા.
- કેવલજ્ઞાની સર્વ જીવોના સર્વદોષોને જુવે છે. જાણે છે. છતાં તેઓ કોઈના પર દુર્ભાવ નથી કરતાં નિરંતર કરુણાશીલ હોય છે. વાત્સલ્યમય હોય છે. તો કો'ક જીવના કો'ક બે-ચાર પ્રગટ દોષ આપણે જોઈ લીધા હોય તો તેથી દુર્ભાવથી શું ?
- દુર્ભાવ દૂર કરવા પરમાત્માની આજ્ઞા યાદ કરવી. પ્રભુનું શરણ સ્મરણ કરવું.
- આપણી દુર્ભાવની વિચારધારા ખોટી, નકામી, પાપ અને દુર્ગતિને આપનાર છે તેમ વિચારી દુર્ભાવથી છૂટવા પ્રભુનું શરણ સ્વીકારવું. આપણો આત્મા દુર્ભાવ અને દુર્ગુણ મુક્ત બની, સંસારથી ય મુક્ત બને એ જ...

...સંકલન...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

# યોગસંગ્રહ વાચનાઓ : આલોચના - વાચના પ્રથમ

**વાચનાદાતા : પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
**રજુઆત : પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબ**

**(શ્રી શ્રમણસૂત્ર કે જેના સ્થાને શ્રાવકો વંદિત્તુ સૂત્ર બોલે છે, એ શ્રમણસૂત્રમાં 'બત્રીસાએ જોગસંગહેહિં' પદ છે. આ બત્રીશ યોગ સંગ્રહો પર શ્રી આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં સંક્ષેપ નામ સહિત વિવરણ છે. આ યોગસંગ્રહો પર પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ વિવિધ સ્થળો પર આપેલી વાચનાઓ વિવિધ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોએ નોંધી હતી. હવે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ પીરસેલા એ વિવિધ મુદ્દાઓ પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબની કલમે રજુઆત પામી રહ્યા છે...**

**- તંત્રીશ્રી)**

'યોગ સંગ્રહ'માં બત્રીશ યોગોનો સંગ્રહ થયો છે. જે કર્મનિર્જરામાં કારણ બને એ યોગ. તેથી આ બત્રીશે કર્મનિર્જરામાં હેતુ છે ને તેથી ક્ષયોપશમભાવરૂપ છે. આ બત્રીશે યોગો ગુણરૂપ છે. જે આત્મા પર ગુણ કરે તે ગુણો. આ ઉત્તરગુણો છે. પણ જો ઉત્તરગુણોનું જતન-રક્ષણ કરીએ નહીં, તો મૂળગુણો પણ બચી શકે નહીં. પરિણામે સાધુપણું રહે નહીં. આમ તો સાધુના તમામ આચારો ક્ષયોપશમરૂપ હોવાથી યોગરૂપ છે.

જ્ઞાનાચાર આદિ પાંચેય આચાર મૂળ-ઉત્તર ગુણરૂપ હોવા છતાં વ્યવહારથી ઉત્તર ગુણરૂપ ગણાય છે. આત્મામાં જે સંસાર સાથેનું ભાવ જોડાણ છે, તે તોડવા યોગસાધના છે. આ યોગસાધના બહારના આચારોથી-બાહ્ય ગણાતા જ્ઞાનાદિ આચારોથી-ઉત્પન્ન થાય છે.

બત્રીશ યોગસંગ્રહો આચારમય છે. એમાં સર્વપ્રથમ યોગ છે-આલોચના.

(૧) આલોચના : ગુરુ આગળ પોતે સેવેલા દોષોનું કથન કરવું એ વ્યવહારથી 'આલોચના' કહેવાય છે. મનમાં પશ્ચાત્તાપના ભાવ સાથે શુદ્ધ આલોચના કરવાથી બે પરિણામ ઉત્પન્ન થાય છે. (૧) ગુરુની સામે નહીં પડવાનો અને (૨) ગુરુની સાપેક્ષતા રાખવાનો.

**પ્રશ્ન : સ્વતઃ મનોમન પશ્ચાત્તાપ કરી લઈએ ને ગુરુ આગળ નહીં કહીએ, તો ચાલે ?**

ઉત્તર : તો એ આલોચના ન કહેવાય. ગુરુ આગળ કહીએ તો જ આલોચના થાય. અલબત્ત પશ્ચાત્તાપ જરૂરી છે. પણ એકલા પશ્ચાત્તાપથી ન ચાલે. ગુરુ આગળ કથન કરવું પણ આવશ્યક છે. ગુરુ આગળ આલોચના કરવાથી એક બાજુ નમ્રતા આવે છે તો બીજી બાજુ દોષો પ્રત્યેનો પક્ષપાત નાશ પામે છે.

**પ્રશ્ન : કહેવા જવાની આળસ આવે તો ?**

ઉત્તર : એ ન ચાલે. આળસમાંથી જ અવજ્ઞા અને અરુચિ પ્રગટે છે. આળસના કારણે 'દરેક વાતમાં ગુરુને કહેવાની શી જરૂરત છે' ઈત્યાદિરૂપ અવજ્ઞા આવે ને પછી પ્રાયશ્ચિત્તદાતા ગુરુ પ્રત્યે અથવા આરાધના-સાવધાની પ્રત્યે અરુચિ આવે છે.

વળી કેટલીકવાર આલોચના કરવાથી માર્ગદર્શન પણ મળે છે, જેમકે એક રસ્તો નિગોદ વિનાનો દેખાય છે, પણ પરિચિત નથી, બીજો રસ્તો નિગોદવાળો છે, પણ પરિચિત છે. તો કયા રસ્તે જવું ? તો સામાન્યથી મન નિગોદ વિનાના રસ્તે જવા લલચાઈ જાય. પણ ગુરુ ભગવંત કહે- ભલે નિગોદવાળો હોય, તો પણ પરિચિત રસ્તે જ જવું. કેમકે અપરિચિત રસ્તે આવનારા અપાયોનો ખ્યાલ નથી. ભૂલા પડવાની સંભાવના રહે છે. વગેરે...

સાધુએ સામાન્યથી આચારપાલનમાં પરસાક્ષિતા રાખવી જરૂરી છે, કેમકે પ્રમાદ તરફી મન જીવને ખોટા રસ્તે દોરવી જાય તેવી સંભાવના છે. પરસાક્ષિતા હોય, તો તે થતી ભૂલ અટકાવી શકે અને આવનારી આપત્તિથી પણ અટકાવી શકે. આલોચના પણ આચારરૂપ છે. તેથી તે ગુરુસાક્ષિક થવી જરૂરી છે.

દોષોની આ આલોચના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કરવાની છે. ભાવમાં મુખ્યતયા કાર્યકારણભાવ છે.

આલોચના કર્યા પછી ઉપયોગ વધે છે કે જેથી દોષ અને પાપ બંને નાશ પામે છે. કોઈનો પણ અનુબંધ તોડવા ઘૃણા ઊભી થવી જોઈએ. પાપ પર ઘૃણા થાય, તો પાપના અનુબંધ તૂટે. ને આલોચના પર ઘૃણા ઊભી થાય, તો એના અનુબંધ તુટે છે. જેના પર પક્ષપાત એવા અનુબંધ તીવ્ર ને એના વિરોધીના અનુબંધ ખતમ.

આલોચના ગુરુસાક્ષિક છે. તેથી ગુરુ પ્રત્યેનો સાપેક્ષભાવ વધે છે. કોઈપણ કાર્ય કરતા પહેલા ગુરુને પૂછવું-રજા લેવી એ ઉત્તમ છે. કાર્ય કરતા કે કર્યા પછી જણાવે એ મધ્યમ છે. પણ બધું બારોબાર રાખે-ગુરુને જણાવે જ નહીં એ તો અધમ છે. ગુરુની નિશ્રા સ્વીકારી, તો બધું ગુરુની સાક્ષીએ થવું જોઈએ.

**પ્રશ્ન : આત્મસાક્ષિક ધર્મ કરવાનો છે. એવી ભૂમિકા આવી જાય પછી ગુરુ-પર સાક્ષિકતાની શી જરૂર ?**

ઉત્તર : આત્મસાક્ષિક ધર્મ કરવાની ભૂમિકા આવ્યા પછી પણ પરસાક્ષિકપણું નહીં રાખે તો તે ચાલે નહીં. વિકાસ રુંધાય ને પતનની સંભાવના રહે.

દરેકે આલોચના કરવી જ જોઈએ. આલોચના થયેલા દોષોનું શોધન કરે છે કે જેથી ચારિત્ર નિર્મળ થાય છે. જે દોષો ન હોય, આલોચના લેવાથી તે દોષો સામે રક્ષણ થાય છે. તેથી આલોચના કરવી તે યોગરૂપ છે-યોગસંગ્રહ છે. કેમકે આલોચનાથી દોષો પ્રત્યેનો પક્ષપાત તૂટે છે. આલોચના ન કરો, તો યોગમાં વ્યાઘાત ઊભો થાય છે.

આલોચના પછી ગુરુ દંડ આપે છે. જેથી દોષો અટકે-જીવ સુધરે. તે દંડ ગુરુએ આપેલા દંડ મુજબ કરી આપવાથી કર્મનિર્જરા થાય છે.

**પ્રશ્ન : ગુરુ દંડ પેટે આંબેલ આપે. પણ આંબેલ થતું ન હોય તો ?**

ઉત્તર : ગુરુના કહેવાથી સૂઈનેય આંબેલ કરી આપવું. એમાં કર્મનિર્જરા છે. પોતાની ઈચ્છાથી નવકારશી કરીને આખો દિવસ ભણે તો પણ કર્મનિર્જરા નથી. આલોચનાનો અર્થ છે, મારે ગુરુથી કશું છુપાવવાનું નથી.

જેઓ તાળા રાખે છે ને પોતાના ટેબલ-કબાટ વગેરેને તાળા લગાવે છે, તેઓ કશુંક છુપાવે છે. તેઓ શુદ્ધ આલોચના કેવી રીતે લઈ શકે ? તાળા યોગ વ્યાઘાત કરે છે. સામાન્યથી આલોચના કરવી એ ઓઘ આલોચના છે. દા.ત. ઈરિયાવહી કરવી. વિશેષથી આલોચના કરવી એ વિભાગ આલોચના કહેવાય. દા.ત. મૂળગુણ વિરાધના, ઉત્તરગુણ વિરાધના, પાર્શ્વસ્થાઆદિ સાથેના વ્યવહાર આદિની વિરાધના વગેરે...આ વિભાગ આલોચના છે. આ રીતે લાગેલા અતિચારો-દોષોનું ચિંતન કરી એ રીતે વિભાગપૂર્વક આલોચના લેવી જોઈએ. દોષ-અતિચારના ચિંતન વિના દોષો-અતિચારો નાશ નહીં પામે.

નાનાએ મોટા પર્યાયવાળા ગીતાર્થ પાસે આલોચના કરવાની હોય છે. એ મોટા પર્યાયવાળા પોતાનાથી મોટા પર્યાયવાળા ગીતાર્થ પાસે આલોચના કરે. મોટા પર્યાયવાળા ગીતાર્થ મળે નહીં, તો નાના પર્યાયવાળા ગીતાર્થ પાસેય આલોચના કરવી જોઈએ.

નાના પર્યાયવાળા ગીતાર્થ સાધુઓની હાજરી હોવા છતાં આચાર્ય જો ગોચરી જાય, તો એમને દોષ લાગે ને એમને એ રીતે જતા જેઓ રોકે નહીં તો એમનેય દોષ લાગે.

કોઈપણ કાર્ય ગુરુને પૂછ્યા વિના કરો, તો એ સારું કાર્ય હોય તો પણ દોષ લાગે. ને એ સ્વતંત્રતા-સ્વચ્છંદતાથી યોગનો નાશ થાય છે. કારણકે આમાં ગુરુને ગૌણ કરવાનું થાય છે. જે ગુરુને ગૌણ કરે છે, તે ગુરુતત્ત્વને ગૌણ કરે છે. એથી જ એ સંઘને પણ ગૌણ કરી રહ્યો છે, કેમકે સંઘ ગુરુતત્ત્વપર આધારિત છે. ચારિત્ર પણ ગુરુતત્ત્વને આધીન છે. તેથી ચારિત્ર પણ ગૌણ થાય છે.

'આલોચના' માત્ર ગુરુ આગળ પાપમાટે જ છે એવું નથી... આલોચનાનો એક અર્થ છે-વિચારવું-ચિંતવવું. એ દરેક સ્થળે ઉપયોગી છે. નદી ઉતરતી વખતે પાણીનું ઊંડાણ જોવું એ પણ આલોચના છે. તો સાથે પથ્થરો કેટલે ઊંડે છે. ચલ-વિચલ છે ઈત્યાદિપણ જોવું જોઈએ. આ પણ આલોચના છે.

જ્ઞાનાદિ માટે જે ઉપસંપદા સ્વીકારવા આવ્યો હોય, એણે સહુપ્રથમ આલોચના કરવાની હોય છે. એ જે કહે એના આધારે એ ભણવા આવેલાને રાખવો કે નહીં રાખવો એનો નિર્ણય થાય છે. એ પોતાના ગુરુની રજા લઈને આવ્યો હોય, તો પણ એ યોગ્ય લાગે તો જ ભણાવાય. અયોગ્ય હોય, તો પાછો મોકલી દે.

એ જ રીતે એના આવવાથી ગુરુ એકલા પડી જતા હોય, અથવા એના વિના એના સમુદાય-ગ્રૂપના બીજા સાધુઓ નબળા હોય-અશક્ત હોય તો એ બધાને છોડી ભણવા આવ્યો હોય, તો ભણાવવાના સ્થાને એને બરાબર સમજાવી પાછો મોકલવો પડે. પણ આ બધી ખબર આલોચનાના કારણે પડે.

**પ્રશ્ન : પણ આમ ઉલ્લાસથી ભણવા આવેલાને સ્પષ્ટ ના પાડી દેવાની ?**

ઉત્તર : યોગ્ય-અયોગ્ય કાર્યમાં હા-ના સ્પષ્ટ કહી શકે, તે જ ઉત્તમ યોગો માટે અધિકારી ગણાય છે.

**પ્રશ્ન : પેલાએ કરેલી આલોચનાથી એના સમુદાયની સ્થિતિ વગેરેનો ખ્યાલ ન આવે તો ?**

ઉત્તર : આલોચના એવી રીતે કરાવવાની છે કે પરિસ્થિતિનો ખ્યાલ આવી જાય. જે પરિસ્થિતિને ઓળખી શકે નહીં, તે ખરેખરો ગીતાર્થ નથી, સૂત્ર ભણેલો હોવા છતાં. તેથી જ જે દ્રવ્યાદિ પરિસ્થિતિને ઓળખી શકે છે, એવા ગીતાર્થની જ નિશ્રામાં રહેવું જોઈએ.

તેથી જ ગીતાર્થ ગુરુ એવી રીતે આલોચના કરાવે કે જેથી પેલો આલોચના લેનારો દોષોની આલોચનાની સાથે જે જરૂરી ખાનગી વાતો હોય, એનીય આલોચના કરી લે.

આલોચના કરનારે ગુરુના સંગથી અને ગુરુના પ્રતિભાવોથી એ જાણી લેવું જોઈએ કે ગુરુ મહારાજને શું પસંદ નથી ? જો એ કાર્ય પોતે કરતો હોય, તો છોડી દેવું જોઈએ. ગુરુને નહીં ગમતું કાર્ય ચાલુ રાખવું એ પોતાની સ્વચ્છંદતા છે ને ગુરુની અવજ્ઞા છે. આનાથી પછી આચારની ચુસ્તતા રહેતી નથી. આચારમા શિથિલતા વધતી જાય છે. આ શિથિલતા ચારિત્ર મોહનીય કર્મ બંધાવે છે, દૃઢ કરે છે. ચારિત્ર મોહનીયના ઉદય પણ શરૂ થાય છે.

## વાચના - ૨

આચાર ચુસ્તતાથી ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ વધે છે. તેથી ગુરુની નિશ્રા-પરતંત્રતા ખૂબ જરૂરી છે. ગુરુ-પરતંત્રતાથી સમ્યક્ત્વના પરિણામ ઊભા થાય છે, દૃઢ થાય છે. તેથી પણ ચારિત્રના પરિણામ ઉદ્‌ભવે-દૃઢ થાય છે. પરમતારક ગુરુતત્ત્વ બીજી નરક-પશુ-દેવાદિ ગતિમાં તો નથી મળવાનું, પણ માનવભવમાં ય માત્ર જૈનશાસનમાં જ મળવાનું છે. ગુરુતત્ત્વનો ઉપાસક સ્વચ્છંદ ન હોય, ગુરુ આજ્ઞાને આધીન હોય, ને જ્યાં એ આજ્ઞા ચૂકવારૂપ પ્રમાદ થયો, ત્યાં તરત ગુરુ પાસે જઈ આલોચના કરનારો હોય.

**પ્રશ્ન : પણ ગુરુ નિશ્રામાં રહેવામાં સમુદાય મોટો હોય, તો કેટલા બધા દોષો સેવવા પડે ? સૂર્યોદય પહેલા જ પડિલેહણ ને વિહાર... ગોચરીમાં પણ નાના-મોટા દોષો લાગે. બે ઠાણા અલગ વિચરે તો સૂર્યોદય પછી વિહાર પણ સચવાઈ શકે ને નિર્દોષ ગોચરી પણ મળે. ભગવાનની આ આજ્ઞાઓનું સરસ પાલન થાય.**

ઉત્તર : આ બધા લાભ હોવા છતાં ને ગુરુ નિશ્રામાં દોષિત વાપરવું વગેરે દોષ હોવા છતાં ગુરુનિશ્રામાં રહેવું એ જ એટલો મોટો ગુણ છે કે બાકીના દોષો ગૌણ થઈ જાય છે ને ગુરુનિશ્રા છોડી દેવી એ એટલો મોટો દોષ છે કે બાકી બધા લાભ પણ નકામા થઈ જાય છે. ગુરુ આજ્ઞા વિનાનો સ્વાધ્યાય લાભકારી થતો નથી, ગુરુપરતંત્રતાપૂર્વક હોય, તો જ તે લાભકારી થાય.

**પ્રશ્ન : પણ સમુદાયમાં રહીએ તો બીજાઓની નાની-મોટી ક્ષતિઓ દેખાયા કરે, પછી મનમાં સંકલેશ થાય, આવેશ આવે ?**

ઉત્તર : એ માટે તો આલોચના છે. આલોચના એટલે જ પોતાના દોષોની વિચારણા, પ્રવૃત્તિના લાભ-નુકસાનની વિચારણા, હેય-ઉપાદેયની વિચારણા. આલોચના ન હોય, તો જ નાની બાબતોમાં મનમાં સંકલેશ થાય, આવેશ આવે, સંયમની વિરાધના થાય છે. કષાય જય થતો નથી.

આલોચના-વિચાર-ચિંતન નથી. તેથી આ સ્થિતિ થાય છે. નહિતર પોતે વિચારે નહીં કે કોઈના ગુને-અપરાધે કષાય કરી હું આત્મગુણોની મિલકત શાનો બાળી નાખુ છું ? ગુરુનિશ્રા હશે, તો જ આલોચના પણ સંભવશે.

**પ્રશ્ન : પણ ગુરુ ઉઠીને પક્ષપાત કરતા હોય, તો પછી કેવી રીતે સહેવાય ને સાથે રહેવાય ?**

ઉત્તર : ગુરુની નિશ્રાનો અર્થ જ છે, ગુરુને અનુકૂળ થવું...સર્વત્ર ગુરુના ગુણ ને પોતાની ખામી જોવી...એ જ તરવાનો માર્ગ છે. ગુરુમાં પક્ષપાત વગેરે દેખાય એ પોતાની મિથ્યાત્વ વાસિત દુર્બુદ્ધિનો પ્રભાવ છે. તેથી કલ્યાણ નથી. શ્રી ચંડરુદ્રાચાર્યના નૂતન શિષ્યે 'ગુરુ કેવા દોષી છે ? મને કેટલા દુઃખના ખાડામાં નાખ્યા ?' એમ વિચાર્યું હોત, તો કેવળજ્ઞાન થાત નહીં. 'મેં મારા ગુરુને દુઃખમાં નાખ્યા' એમ વિચાર્યું તો કેવળજ્ઞાન પામ્યા.

**પ્રશ્ન : પણ સમુદાયમાં બીજા એકાસણા વગેરે કરતા હોય ને પોતાની તેવી તાકાત પહોંચતી ન હોય, તો ?**

ઉત્તર : પોતાની વાત ગુરુને કહેવી. પછી તેઓ જ માર્ગ બતાવશે. મોટું સામર્થ્ય ન હોય, નાનું નાનું સામર્થ્ય તો ફોરવી શકાય ને ? એકાસણા નથી થતા, તો નવકારશીની પોરસી તો કરી શકાય ને...ગરમ ને બદલે ઠંડુ વાપરવું..એવું સામર્થ્ય તો ફોરવી શકાય ને ? ઠંડુ વાપરવાથી વાયુ નથી થતો, વધુ પડતું ગરમ ગરમ વાપરવાથી વાયુ થાય છે.

**પ્રશ્ન : બાકીના યોગો સારા પાળીએ ને એક આલોચના ન કરીએ તો ?**

ઉત્તર : બત્રીશ યોગો એકબીજા સાથે સંકળાયેલા છે. એક યોગ પણ બરાબર આરાધીએ, તો બીજા યોગો આવવાના. ને એક પણ યોગની ઉપેક્ષા કરી, તો બાકીના છતાં યોગો જતા રહેવાના.

**પ્રશ્ન : સમુદાયમાં રહીએ તો ધ્યાન યોગમાં આગળ વધાતું નથી. ચારેબાજુ વિવિધ પ્રવૃત્તિ ચાલતી હોય, એમાં ધ્યાન શી રીતે ફાવે ?**

ઉત્તર : જૈનમતે ધ્યાન શું છે ? ક્રિયામાં દૃઢ-સ્થિર ઉપયોગ. તેથી સ્વાધ્યાય વગેરે કે મુહપત્તિ પડિલેહણ જેવી ક્રિયા પણ ધ્યાન થઈ શકે છે. વળી ગુણો મેળવવાના પ્રયત્નો કરીએ તો એના પ્રભાવે જ સ્વતઃ ધ્યાન આવશે. વળી આલોચનામાં પોતાના દોષોનું ચિંતન કરવાનું છે. આ વિચારણા ચિંતનના પ્રતાપે ભલભલા દોષો દૂર કરવાની બુદ્ધિ પ્રગટે છે ને સામર્થ્ય પણ આવે છે. તેથી જ જેમ પ્રતિક્રમણ કરવું ફરજિયાત છે, તેમ આત્મચિંતન કરવું પણ ફરજિયાત છે. કારણ કે એ ચિંતનથી આત્મગુણો પ્રગટી શકે છે. એનાથી નાના-નાના દોષો તો પહેલા છૂટવા માંડે છે. ને તેથી ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ પણ વધતો જાય છે. જે શ્રાવકને સાધુ થવાની ભૂમિકા ઊભી કરી આપે છે. જે વિચાર જ કરતો નથી, એ વિચારશૂન્ય આગળ વધી નહીં શકે.

(ક્રમશઃ)

## પરમ પૂજ્ય મુનિરાજશ્રી તત્ત્વસુંદર વિજયજી કાળધર્મ પામ્યા

### પરમ પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબે સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજને લખેલ પત્ર

માગસર સુદ ૧૫, કાંદીવલી

શાસન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવના પાવન ચરણારવિંદમાં કૃપાકાંક્ષી રત્નસુંદરની વંદના.

મારા સંસારી પણે કાકા મહારાજ મુનિરાજ**શ્રી તત્ત્વસુંદરવિજયજી** કે જેઓ સંસારી પણે આચાર્યશ્રી પદ્મસુંદરસૂરિના પિતા મહારાજ થાય. માગસર ૧૪ બપોરના ૨-૨૦ કલાકે મસ્ત સમાધિ સાથે ગિરિરાજના ધ્યાનમાં પરલોક પ્રતિ પ્રયાણ કરી ગયા છે.

સંસારી અવસ્થામાં જીવદયા, સાધર્મિક ભક્તિ, પ્રભુભક્તિ, આ મંગળ ત્રિપુટીનું જેમને ગજબનાક આકર્ષણ હતું એ રાયચંદભાઈએ ૬૪ વર્ષની વયે પાલીતાણા મુકામે તપસ્વી સમ્રાટ પૂજ્ય આચાર્ય ભગવંત**શ્રી હિમાંશુસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે સંયમજીવન અંગીકાર કર્યું** અને મારા **પિતા મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મહારાજના શિષ્ય બન્યા.**

સંયમજીવન અંગીકાર કર્યા બાદ તેઓ જાણે કે આ જીવન અંગીકાર કરવામાં મોડા પડ્યા હોય એ ખ્યાલે તપ-વૈયાવચ્ચ અને સ્વાધ્યાયમાં એવા લાગી પડ્યા કે એમનું આ પરાક્રમ નિહાળીને યુવાન સાધુઓને શરમાઈ જવું પડતું હતું.

વર્ધમાન તપની ૭૯ ઓળી સુધી પહોંચ્યા પણ મને કહેતા હતા કે 'આપ આશીર્વાદ આપો કે જીવન સમાપ્ત થાય એ પહેલા સો ઓળી પૂર્ણ કરી દઉં.'

સ્વાધ્યાયમાં તો એવા રમમાણ બન્યા કે પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા છતાં દિવસે સૂવાની કોઈ વાત નહીં, આખો દિવસ બસ, સ્વાધ્યાય જ સ્વાધ્યાય.'

આવી મસ્ત આરાધના કરી રહેલા એ મુનિવરની સેવામાં રાધાવેધ સાધવા નીકળેલા પરાક્રમી યોદ્ધાની જેમ ગોઠવાઈ ગયા હતા **મુનિરાજશ્રી હૃદયસુંદરવિજયજી અને મુનિરાજશ્રી પરાર્થસુંદરવિજયજી ! આ બંને મુનિવરોએ એમની સાતા અને સમાધિમાં નિમિત્ત બનવા જે ગજબનાક સેવા કરી છે એને શબ્દોમાં આલેખવી મારા માટે લેશ શક્ય નથી છતાં એટલું કહી શકું કે 'કમાલ ! કમાલ ! કમાલ'**

આવા સુંદર આરાધક મુનિવરનું સ્વાસ્થ્ય છેલ્લા કેટલાક સમયથી નરમ-ગરમ ચાલ્યા કરતું હતું. છેલ્લે તો હોસ્પિટલમાં દાખલ કરવા પડેલા પણ ત્યાંય ડૉક્ટરો પૂછે, 'મહારાજ સાહેબ, કેમ છે ?' તો એમનો એક જ જવાબ રહ્યો, 'દેવ-ગુરુપસાયે લીલા લહેર છે'

આવી મસ્ત સમાધિ જીવનની છેલ્લી પળ સુધી ટકાવી રાખી આ મુનિવર નવકાર મંત્રનું સ્મરણ કરતાં અને ગિરિરાજનું ધ્યાન ધરતાં ધરતાં સુંદર સમાધિ સાથે પરલોક વાટે સંચરી ગયા છે.

**અમને સહુને એમ લાગી રહ્યું છે કે પરિવારમાંથી 'દાદા' ચાલ્યા ગયા** પણ એમના આરાધક જીવનને આંખ સામે રાખીને અમો સહુ સ્વસ્થ થઈ રહ્યા છીએ. આચાર્યશ્રી પદ્મસુંદરસૂરિ 'પિતા ગુમાવ્યા'ની વેદનાથી વધુ વ્યથિત છે છતાં એય ધીમે ધીમે સ્વસ્થ બની રહ્યા છે.

**પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી તરફથી વારંવાર મળતા રહેલા પ્રેરણા પત્રોને પામીને તાજગી અનુભવતા રહેલ. આ મુનિવરનો આત્મા જ્યાં પણ ગયો હોય ત્યાં આરાધના કરીને શીઘ્ર પરમ પદને પામે એ જ અંતરની ઝંખના સાથે...**

**દ. કૃપાકાંક્ષી રત્નસુંદરસૂરિની કોટિશઃ વંદના...**

# અથ વૈવિધ્યમ્

## દીવાળીનો દીવડો

દીવાળીનો દિવસ છે. ચીંટુનું મોઢું ચડેલું છે. મા ચીંટુને પૂછે છે, દીવાળીના દિવસે કેમ દીવેલ પીધા જેવું મોઢું છે ? ચીંટુ સૂન-મૂન છે. મા કહે છે : બેટા ! તને નવા કપડાં તો અપાવી દીધાં. હવે શું છે ? ચીંટુનો કોઈ વાંક ન હતો. બન્યું હતું એવું કે ઘણા દિવસથી એણે માને કપડાની માંગણી કરી હતી. મા ચીંટુને લઈ હજુ ગઈકાલે જ નવા કપડા અપાવીને આવી હતી. શો રૂમમાં પૂરા એક કલાકની મહેનત પછી ચીંટુએ શર્ટ-પેન્ટની પસંદગી કરી. મા કિંમત જુએ છે અને આંખ પહોળી થઈ જાય છે. ચીંટુને તો હવે આ જ જોઈએ છે. મા નમતું જોખે છે. ચીંટુ ખુશખુશાલ ઘરે આવ્યા. ચીંટુ નવા કપડા પહેરી કાચ સામે જોઈ હરખાયા કરે છે. મા કહે છે : અડધા કલાકથી જો-જો કરે છે, હજુ ધરાયો નથી ? ચીંટુનું ચિત્ત કપડામાં જ ચોટ્યું છે. દિવાળીના દિવસે પહેરીને બહાર નીકળવું છે. એનું ટ્રાયલ ચાલે છે. બરોબર ગડી કરી પાછુ મૂકી દીધું. હવે કાલે નાહી-ધોઈને આ કપડાં પહેરીને બહાર નીકળી દીવાળીનો વટ પાડવાનો છે.

સવાર પડી. ચીંટુ સમયસર જાગી નાહી-ધોઈને હજી ટુવાલ પહેરી બાથરૂમમાંથી બહાર આવ્યો છે અને કોઈએ દરવાજો ખટકાવ્યો. ચીંટુએ દરવાજો ખોલ્યો. કચરો કાઢનાર ઘરે-ઘરે કચરો લેવા નીકળ્યો હતો. જેવો એને જોયો એનો ચીંટુ સ્તબ્ધ થઈ ગયો. કચરો કાઢનાર પણ દીવાળીના નવા કપડા પહેરી નીકળ્યો હતો. અને એના કપડા હુબહુ પોતાના નવા કપડા જેવા જ હતા. રંગ, ડીઝાઈન બધું જ એક સરખું. જાણે ચીંટુના જ ન પહેર્યા હોય ! ચીંટુનો હવે નવા કપડા પહેરવાનો બધો ઉલ્લાસ ઓસરી ગયો હતો. કચરો આપી દીધો. ઉદાસ બની બેઠો હતો. આખી ગલીમાં બધા ઘરે કચરો કાઢનાર માણસની જેવા કપડા હું પહેરીને નીકળું ? એક જ ક્ષણમાં કપડાનો રાગ પૂરે પૂરો વિરાગમાં પલટાઈ ગયો.

આગળ શું થયું એ કહેવાની બદલે આપણી સાથે આવું જ થઈ રહ્યું છે જાણો છો કેવી રીતે ? દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે बहुसाहारणा गिहीणं कामभोगा - ગૃહસ્થ જીવનના કામ-ભોગો બહુ જ સાધારણ છે અર્થાત્ કામભોગો એવા હલકા અને તુચ્છ છે કે હરિજન-ચંડાલથી માંડી ભૂંડ સુધીના અત્યંત જુગુપ્સનીય તિર્યંચો પણ એને ભોગવે છે. આપણે આ બધાથી ઘણા ઉંચે છીએ. આપણે તો સાત્વિક અને આધ્યાત્મિક સુખોનો ભોગ કરવાનો છે. જ્યાં સુધી ચીંટુએ કચરો કાઢનાર-ગટર સાફ કરનાર માણસને જોયો ન હતો ત્યાં સુધી જ નવા કપડાંનો મોહ પ્રબળ હતો. એને જોતાની સાથે નવા કપડાં પર વૈરાગ્ય સરળતાથી થઈ ગયો. એ રીતે જ્યાં સુધી સંસારનું તત્ત્વ જાણ્યું નથી, દૃષ્ટિને વિશાળ કરી નથી ત્યાં સુધી હરવા-ફરવાનું, ખાવા-પીવાનું, સંસારના સુખોનું આકર્ષણ રહે છે. પરમાર્થ એ છે કે तुच्छा य काम भोगा निबंधणं दुक्खलक्खाणं = સંસારના સુખો સાવ તુચ્છ છે અને લાખો દુ:ખોને લાવનાર છે. દીવાળીના દિવસે ચીંટુ નવા કપડા પહેરવા ઈચ્છા પણ નથી કરતો. આપણા ઘટમાં આ દીવાળીનો દીવડો વૈરાગ્યનો પ્રકાશ કરે, સાંસારિક સુખો પર ફીટકાર જાગે તો અંધારી નરકની કાતિલ રીબામણી સહન કરવી પડે નહીં. શાસ્ત્રકાર સ્પષ્ટ કહે છે जइ दिन्नो तो नीओ जत्थ खणो वरसकोडीसमो જો આપણે ઈન્દ્રિયોને તલના છોડા જેટલો પણ છુટો દોર આપ્યો તો આપણે એવી ગતિમાં જવું પડશે કે જ્યાં એક ક્ષણ પણ ક્રોડ વર્ષ જેવી લાગશે. રાજકુમાર અવંતિસુકુમાલને ત્યાં સુધી જ રાજમહેલ, પત્નીઓ, ભોગો આનંદ આપતાં હતા જ્યાં સુધી પૂર્વભવના દિવ્યભોગો જાતિસ્મરણમાં જોયા ન હતા. આલોકની કદાચ મીસ વર્લ્ડ ભલેને હોય એના પર અનુરાગ તો જ થાય જો દેવાંગનાઓની તુલનામાં એનું રૂપ ભૂંડણથી વિશેષ કંઈ જ નથી એવું વસ્તુસ્થિતિનું જ્ઞાન ન હોય.

અનંત-અવ્યાબાધ સુખનો સ્વામી આત્મા છે, એનું વર્ણન કરતાં દેવચંદ્રજી મહારાજ લખે છે કે 'એક પ્રદેશે તાહરે અવ્યાબાધ સમાય' આત્માના એક પ્રદેશ પર જે સુખના અંશો છે એ સર્વ આકાશમાં સમાય નહીં એટલા છે. એને અનુભવવાની તાલાવેલી જાગે પછી આપોઆપ સંસારના સુખોનો રાગ છૂટી જાય. ચીંટુની દશા બદલાઈ ગઈ. અનંતકાળની આપણી અવદશા દૂર થાય. મહોપાધ્યાયજીના શબ્દો આપણામાં જીવંત થાય.

જ્ઞાનપ્રકાશે રે મોહતિમિર હરે જેહને સદ્‌ગુરુ સૂર,
તે નિજ દેખે રે સત્તા ધર્મની ચિદાનંદ ભરપૂર.

**પરમ પૂજ્ય મુનિશ્રી રાજપ્રેમવિજયજી મહારાજ**

# પ્રેરક પ્રસંગો

## ૪૫. માલ પણ ગયો, માલિક પણ...

એક શ્રીમંત ભાઈએ પોતાનો નવો બંગલો બનાવેલ. એમા લેટેસ્ટમાં લેટેસ્ટ ડીઝાઈનના ફર્નિચર વગેરે વસાવેલ. એક દિવસ અચાનક બંગલામાં આગ લાગી. શેઠે રાડારાડ કરતા આજુ-બાજુના લોકો ભેગા થઈ ગયા. શેઠે બે હાથ જોડી કરગરીને સહુને વિનંતી કરી...કે ભાઈઓ ! મારા ઘરમાં આગ લાગી છે. અંદર મારી કરોડોની મિલકત છે. હજી આગે વિકરાળ સ્વરૂપ પકડ્યું નથી. તો પ્લીઝ ! તમે સહુ અંદર જઈ મારું ફર્નિચર, કપડાં, કબાટ, પુસ્તકો વગેરે બચાવી આપો.

પ્રસંગની કરુણતા જોઈ તમામ પાડોશીઓને થયું... આવા પ્રસંગે આપણે પાડોશી ધર્મ નહિ નીભાવીએ તો ક્યારે નીભાવશું ? તમામ પાડોશીઓ આગનો વ્યાપ વધે તે પહેલા જ બંગલામાં ઘૂસી ગયા. શેઠે બતાવેલ દરેક વસ્તુઓ લઈને તેઓ બહાર આવી ગયા. શેઠ રાજીના રેડ થઈ ગયા. સહુને ધન્યવાદ આપ્યા.

ત્યાં કોકે પૂછ્યું : શેઠ ! હવે અંદર બીજું તો કંઈ રહી નથી ગયું ને ? કારણકે આગ વધતી ચાલી છે. પાછળથી તમને યાદ આવશે...તો અંદર જઈ નહિ શકાય, માટે અત્યારે જ યાદ કરી લો.

શેઠે શેઠાણીને બોલાવીને કહ્યું : જરા, જોઈ લે તો બધી વસ્તુઓ બરાબર આવી ગઈ છે ને ! શેઠાણીએ વસ્તુઓ જોઈ લીધી. ત્યાં એને યાદ આવ્યું...આ બધી વસ્તુઓ તો બરાબર ! પણ આપણો દીકરો ક્યાં છે ? એને તો બહાર લઈ લીધો છે ને ?

શેઠને પોતાનો દીકરો યાદ આવતા ફરી પાડોશીઓને કહ્યું : અરે ભાઈઓ ! આ બધી વસ્તુઓ લાવવામાં હું મારા દીકરાને તો ભૂલી જ ગયો. પ્લીઝ ! તમે અંદર જઈને મારા દીકરાને લઈ આવો. એ બેડરૂમમાં સૂતો હશે.

પાડોશીઓ મહેનત કરી અંદર ગયા..પણ અફસોસ ! બંગલાનો આખો બેડરૂમ બળીને સાફ થઈ ગયેલ. અંદર સૂતેલ બાળક પણ એ આગમાં ભૂંજાઈ ગયેલ.

શેઠ-શેઠાણીના શોકનો પાર ન રહ્યો.

બેયને થયું...હાય ! આપણે માલ બચાવવાની લ્હાયમાં ને લ્હાયમાં એના માલિકને જ ભૂલી ગયા.

ક્યારેક એવું લાગે છે...આપણે પણ આખી દુનિયાના સુખના પદાર્થોને મેળવવાનો વિચાર કરીએ છીએ...પણ એ સહુનો ભોકતા આત્માનો તો વિચાર જ નથી કરતાં...

## ૪૬. અહં રે અહં તુ જાને મરી

એક સંન્યાસી ભારે તપસ્વી હતા. એમના જીવનમાં તપના દિવસો વધારે હતા, ખાવાના દિવસો ઓછા હતા. પણ એમના તપ પર પાણી ફેરવી દે તેવો ભારે અહંકાર એમનામાં હતો.

એક દિવસ નારદઋષિ એમના આશ્રમમાં પધાર્યા. સંતે તેમને આવકાર આપીને કહ્યું : નારદજી ! તમારે તો ભગવાન સાથે ડાયરેક્ટ લાઈન છે. તો જ્યારે ભગવાન પાસે જાવ ત્યારે જરા પૂછી લેજો કે મારી મુક્તિ ક્યારે થશે ?

નારદજીએ હા કહેતા સંન્યાસી રાજી-રાજી થઈ ગયા.

એક દિવસ નારદજી વૈકુંઠમાં પ્રભુની પાસે પહોંચ્યા. એમને પેલા સંન્યાસીની પ્રશ્નની યાદ આવી. એમણે પ્રભુને કહ્યું : ભગવાન ! આપ તો જ્ઞાની છો. જરા પેલા સંન્યાસીની મુક્તિ ક્યારે થશે તે જોઈને મને જણાવોને કારણ કે એ મારી પાસે આપના ઉત્તરની...

ભગવાને કહ્યું : જુઓ ! અત્યારે મારી પાસે સમય નથી. જોવા હોય તો આ ચોપડા પડ્યા છે...જોઈ લો.

નારદજીએ ભગવાને બતાવેલા બધા જ ચોપડા ઉથલાવી માર્યા. ક્યાંય સંન્સાસીનું નામ ન નીકળ્યું. એટલે ફરીવાર ચોપડા ઉથલાવ્યા. છતાં નામ જોવા ન મળ્યું. અંતે નારદજી કંટાળ્યા. એટલે કહ્યું : ભગવાન ! તમારા રાજમાંય મનુષ્યલોકની જેમ અંધારું લાગે છે. આટલો મોટો સંન્યાસી હોવા છતાં એની મુક્તિ ક્યારે થશે. એનો કોઈ ઉલ્લેખ જ આમા જોવા નથી મળતો.

ભગવાને પોતાનું કામ પડતુ મૂકી નારદજી સામે જોઈને કહ્યું : જુઓ, નારદજી ! ગમે તેવો દાનવીર હોય, પુણ્યશાળી હોય, તપસ્વી હોય...પણ જો એ અભિમાની હોય તો મારે ત્યાં જગ્યા નથી. માટે દશ વખત આ ચોપડા ઉથલાવી નાંખશો તો ય તમને એનું નામ જોવા નહિ મળે. હવે તમને સંન્યાસી મળે તો કહેજો : તપસ્યા કદાચ ઓછી કરાય તો ચાલશે પણ અહંકાર અંશ માત્ર પણ ઊભો રાખીશ તો નહિ ચાલે.

નારાયણ નારાયણ કરતા નારદજી પાછા મનુષ્યલોકમાં આવ્યા. પણ સંન્યાસી પાસે જવાની એમની હિંમત ન થઈ. કારણકે સંન્યાસીને કાંઈ કહેવા જાય તો સંન્યાસી તો સુધરે તેમ ન હતા. પણ નારદજીએ સાંભળવી પડે તેમ હતી. અહંની આજ ખૂબી છે...એમાં અંધ બનેલાંને સામે કોણ છે...એનો વિચાર પણ નથી આવતો.

: લેખક :

**પરમ પૂજ્ય આચાર્યશ્રી મહાબોધિસૂરિજી મહારાજ સાહેબ**

# એક વચનથી અજવાળું

(૧) પ્રમાદાચરણ લગભગ કાયાથી, પાપ સલાહ લગભગ વાણીથી અને દુર્ધ્યાન લગભગ મનથી થાય છે.
**- ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨) પોતાના દોષને છૂપાવવા એટલે માયા.
**- આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩) સુકૃતોની અનુમોદના=પુણ્યના ગુણાકાર
સુકૃતોનો પશ્ચાત્તાપ=પુણ્યના ભાગાકાર
સ્વદુષ્કૃત્યોની અનુમોદના=પાપના ગુણાકાર
સ્વદુષ્કૃત્યોની નિંદા=પાપના ભાગાકાર.
**- આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૪) એકાન્ત દર્શનીઓ ઉપર દ્વેષ ન કરવો. કોઈ આપણી ઉપર ખોટો આરોપ ચઢાવે તો યે રાગ-દ્વેષ ન કરવો પણ મધ્યસ્થતા કેળવવી.
**- આચાર્ય શ્રી જગત્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૫) પ્રભુ દર્શનનું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ પ્રભુ દેશના નું પણ મહત્ત્વ છે.
**- આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૬) સારું કરતા જાઓ-પ્રભુ મળશે ખોટું છોડતા જાઓ તમે તમને મળશો.
**- આચાર્ય શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૭) આવક વધતી ન હોય ત્યારે ખર્ચ ઘટાડી નાખવામાં જે વ્યક્તિ સફળ બની જાય છે, એ વ્યક્તિ કાળઝાળ મોંઘવારીમાંય સમાધિ ટકાવી રાખવામાં સફળ બની રહે છે.
**- આચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૮) હૃદય પર જો પ્રભુનું આસન હોય અને મન પર જો પ્રભુનું શાસન હોય તો જીવનને પવિત્ર રાખવામાં કોઈ જ તકલીફ પડે તેમ નથી.
**- આચાર્ય શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૯) કોણ અભણ અને કોણ ભણેલો ? આવડતનો સદુપયોગ કરે એ જ ભણેલો કહેવાય. બાકી બધા ભણેલા (?) અભણ.
**- આચાર્ય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૦) જો તમે માણસ બન્યા તો મોત સુધારો પણ જો તમે જૈન બન્યા છો તો પરલોક સુધારો.
**- આચાર્ય શ્રી ચંદ્રજિત્સૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૧) જેમ જેમ અધ્યવસાયની વિશુદ્ધિ થતી જાય છે તેમ-તેમ 'લેશ્યા'ની વિશુદ્ધિ થતી જાય છે. આના પરિણામમાં પરમાનન્દનો આસ્વાદ પ્રાપ્ત થાય છે.
**- આચાર્ય શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૨) જીવસૃષ્ટિ માટે અતિઆવશ્યક ઊર્જા, પ્રકાશ વગેરેને સૂર્ય સતત આપતો રહ્યો છે... એણે ક્યારેય આત્મશ્લાઘા કરી ?
**- આચાર્ય શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૩) આવતી કાલે તમને કદાચ કામ લાગશે પણ આજે જેને ૧૦૦% કામ લાગે એવું છે તેને કેમ નથી આપતા ?
**- આચાર્ય શ્રી પદ્મસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૪) જેનાથી તત્ત્વ સમજાય તે સિદ્ધાંત બોધ છે. જેનાથી વૈરાગ્ય નિપજે તે ઉપદેશ બોધ છે. જેનાથી આત્મા-આત્મ સ્વરૂપ સમજાય તે અધ્યાત્મોપદેશ છે.
**- આચાર્ય શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૫) ધર્મની પ્રેરણા દેનાર સાધુના પ્રતિનિધિ છે.
**- આચાર્ય શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૬) શ્રામણ્ય યાત્રા સર્વજીવ માત્રનાં પ્રેમથી પ્રારંભ થાય છે. અને પરમ-માં પૂર્ણ થાય છે.
**- આચાર્ય શ્રી વિશ્વકલ્યાણસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૭) એક આંખમાં 'મા'ની લાગણી (કાન્તગુણ) ને બીજી આંખમાં પિતાની કરડાકી (ભીમગુણ) હોય તેનું નામ 'ગુરુ'.
**- આચાર્ય શ્રી અભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૮) 'આપણી પાસે શું શું છે' તે યાદ કરી ઘમંડમાં રાચીએ છીએ અને 'આપણી પાસે જે જે નથી' તે યાદ કરી દુર્ધ્યાનમાં રાચીએ છીએ.
**- આચાર્ય શ્રી કુલબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૯) ગ્રંથને સાધન અને ગુરુને માધ્યમ બનાવી સાધ્ય (મોક્ષ) સુખી પહોંચી શકાય છે.
**- આચાર્ય શ્રી યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૦) સજ્જન તે છે જે દુશ્મનના દુઃખમાં સુખી ન થાય અને મિત્રના સુખમાં દુઃખી ન થાય.
**- આચાર્ય શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૧) આપણી સુવાસ ગુલાબના ફૂલ જેવી હોવી જોઈએ. અત્તર છાંટેલા રૂમાલ જેવી નહિ. અત્તરની સુગંધ બે કલાકમાં ગાયબ થઈ જાય, જ્યારે ગુલાબની સુવાસ તો ગુલાબ કરમાય નહિ ત્યાં સુધી રહે.
**- આચાર્ય શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૨) અણગમતા સુખ અન મનગમતા દુઃખ સાથે જીવે તે સાધુ.
**- આચાર્ય શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૩) દુઃખમાં સમાધિ અને સુખમાં વૈરાગ્ય રાખે એજ સાચો ધર્માત્મા.
**- આચાર્ય શ્રી હરિકાંતસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૪) પાપ ભીતિ અને પ્રભુ પ્રીતિ મોક્ષ સુધી પહોંચાડે છે.
**- આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૫) ભોગસાધનમાં ગયેલું ધન પાપ અને પ્રદૂષણ બંને વધારે છે. પુણ્ય અને પર્યાવરણ બંનેનો નાશ કરે છે.
**- આચાર્ય શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૬) ધર્મ પ્રદર્શનનો નહીં આત્મદર્શનનો વિષય છે. મનમાં અશાંતિ અને ઉકળાટ પેદા કરતી પૈસા બચાવવાની પ્રવૃત્તિ જેવી મૂર્ખામી બીજી કઈ ?
**- આચાર્ય શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૭) વિષમ સંયોગોને નિવારી ન શકાય તેવું બની શકે. પરંતુ, તે સંયોગોને સ્વીકારી તો શકાય ને ! અને મનથી સ્વીકારી લીધા પછી કોઈ પણ સંયોગ વિષમ રહી શકે ખરા ?
**- આચાર્ય શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૮) જીવનમાં જ્યારે જ્યારે કોઈ પણ દુઃખ તૂટી પડે, ત્યારે મનમાં બોલી જવું કે 'Every thing is in order' દુઃખ આવવાનું નક્કી જ હતું, માટે આવ્યું છે. મારે એમાં અકળાવાની જરા ય જરૂર નથી.
**- આચાર્ય શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૯) જીવનમાં સુખી કે સફળ કોણ ? જે મળે તે ગમે તે સુખી બને અને જે ગમે તે મળે તે સફળ બને.
**- આચાર્ય શ્રી જિનસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૦) ઓ શ્રીમંતો ! ત્રણ ચીજમાં તમારી અઢળક સંપત્તિ વાપરો. સાધર્મિક ભક્તિમાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરતી પાઠશાળાઓ, શિબિરોમાં, જીવદયા-અનુકંપામાં.
**- આચાર્ય શ્રી મલયકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૧) આયુર્વેદનો સાર કમખાના તનનો વિજય નીતિશાસ્ત્રનો સાર ગમ ખાના મનનો વિજય ધર્મ શાસ્ત્રનો સાર નમ જાના સ્વનો વિજય.
**- આચાર્ય શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૨) અજ્ઞાન-સાચું સમજવા ન દે. સ્વાર્થ સાચું કરવા ન દે.
**- આચાર્ય શ્રી હર્ષવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૩) આસક્તિ આનંદનો અગ્નિ સંસ્કાર કરે અનાસક્તિ આનંદનો આવિષ્કાર કરે.
**- આચાર્ય શ્રી જિનેશરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩૪) અનંત કલ્યાણકર જિનશાસનમાં સાંપ્રતકાળે અમીરી અને ફકીરીના દર્શન ઘણા સ્થાને થાય છે. પણ મદ-માન-મતાગ્રહ-મહત્ત્વાકાંક્ષાની શહીદીના દર્શન ક્યારે થશે ?
**- આચાર્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

## પરમ પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય પરમ પૂજ્ય મુનિશ્રી તત્ત્વસુંદર વિજયજી મહારાજશ્રી મુંબઈ ખાતે કાળધર્મ પામ્યા

૨૦૭૨ માગસર સુદ પુનમ, કલિકુંડ તીર્થ
વિજય જયઘોષસૂરિ તરફથી
આચાર્યશ્રી વિજય રત્નસુંદરસૂરિજી જોગ અનુવંદના...

ગઈકાલે માગસર સુદ ૧૪ના બપોરે બે ને પાંચ લગભગ મુનિરાજશ્રી તત્ત્વસુંદરવિજયજી ૯૧ વર્ષની ઉંમરે ૨૫ વર્ષના લગભગ ચારિત્ર પર્યાય પૂર્વક સમાધિ શુદ્ધિથી તત્રસ્થ અનેક મહાત્માઓની સેવા સંભાળ પૂર્વક સ્વર્ગવાસ કાળધર્મ પામ્યા છે એમની સંયમની આરાધનામાં તમારા પિતાશ્રી અને તમે ઘણા સહાયક બન્યા અને સંયમ પછી એમની આરાધના સમાધિમાં તમે ઘણા ઉપષ્ટંભક બન્યા તે તમારો મહત્ત્વનો ફાળો છે એમના ચિરંજીવી આચાર્યશ્રી અને તમારા શિષ્યવર્ગ વર્ષો સુધી આરાધના સેવા વગેરેમાં કાળજીપૂર્વક સહાયક બન્યા છે તે પણ અનુમોદનીય ધન્યવાદ પાત્ર છે.

સ્વર્ગત મહાત્મા તમારી દીક્ષા બાદ વિશેષ આરાધના સન્મુખ બની શ્રાવક જીવનની તપ ક્રિયા ભક્તિ ઉપધાન વગેરે અનેક પ્રકારે વર્ષો સુધી સાધના કરી સંયમજીવન પામી સ્વાધ્યાય વગેરે સંયમયોગોમાં સતત કાળજીવાળા પ્રયત્નશીલ બનીને અંતકાળ સુધી ઉત્તમ આરાધના કરી, જીવન અને અંતકાળ સુધારી ગયા. એમના મોટા ભાઈ-તમારા પિતાશ્રીની જેમ એમને પણ ઉત્તમ આરાધના અને સમાધિ મેળવી. એ બન્નેની આરાધનામાં તમે વિશેષ નિમિત્ત બન્યા અને તમારી આરાધના શાસન પ્રભાવનામાં તે બન્ને પણ સહાયક અને અનુમોદનીય છે. ધર્મ સંપન્ન શ્રદ્ધા સમ્પન્ન કુટુંબમાંથી ઉત્તમ આરાધકો સ્વાભાવિક પાકે છે. સ્વર્ગતના સુકૃતો અને સમાધિની ખૂબ અનુમોદના સદ્ગત ઉત્તમ સ્થાનને પામેલ છે તે શ્રી સંઘને આરાધનામાં સહાયક પ્રેરક બને એવી પ્રાર્થના.

- વિજય જયઘોષસૂરિ

૨૦૭૨ માગસર સુદ પુનમ, કલિકુંડ તીર્થ
સિદ્ધાંત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ તરફથી શા.પ્ર.સ.લ.પ્ર. શ્રી રત્નસુંદરસૂરિજી આદિ ઠાણા જોગ અનુવંદના...

સુખસાતામાં હશો. દેવગુરુ કૃપાથી અહીં સુખસાતામાં છીએ. ગઈકાલે પહેલા બે વાગે આંચકો લાગે એવા મુનિરાજશ્રી તત્ત્વસુંદરવિજયજી કાળધર્મ પામ્યાના સમાચાર મળ્યા. દેવવંદન કર્યું તે પછી ચાર વાગે મુનિરાજશ્રી મોક્ષસુંદરવિજયજી (મહેસાણામાં) કાળધર્મ પામ્યાના આંચકાજનક સમાચાર મળ્યા. શાસનમાં, સમુદાયમાં અને ગ્રૂપમાં બે-બે મહાત્માની સરળ-આરાધક મહાત્માઓની ખરેખર ખોટ પડી. આચાર્યશ્રી પદ્મસુંદરસૂરિજીને પણ પોતાના ઉપકારીની ચિરવિદાયથી આઘાત લાગ્યો હશે.

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ સૌ કોઈ જાણે જ છે તમે પણ ‘મૃત્યુ મરી ગયું રે... પુસ્તકનું લેખન કર્યું છે તેનું વાંચન તેમના અને તમારા માટે મોટું આશ્વાસન થઈ પડશે. શ્રાવકપણામાં છાપરીયાળી પાંજરાપોળનો ઉદ્ધાર, ગિરનારજી તીર્થનો સંઘ, સાધર્મિકોનો ઉદ્ધાર, પુત્રને હોંશ પૂર્વક દીક્ષા, શ્રીપાલનગરમાં તથા પૂર્વે દાદર દિવ્ય મહાલમાં અનેક સાધુ/સાધ્વીજીની વૈયાવચ્ચ સેવાના કાર્યો તેમજ ભરપૂર વૈરાગ્યથી દીક્ષા લઈ સુંદર પાળી આરાધના કરી વગેરે તેમના અનેક ગુણોની અનુમોદના.

જિનાજ્ઞામાં છાપવા માટે એમનો પરિચય મોકલાવશો.

- લિ. જયસુંદરસૂરિની અનુવંદના.

## પરમ પૂજ્ય આચાર્યશ્રી રત્નસુંદર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય પરમ પૂજ્ય મુનિશ્રી મોક્ષસુંદર વિજયજી મહારાજશ્રી મહેસાણા ખાતે કાળધર્મ પામ્યા

૨૦૭૨ માગસર સુદ પુનમ, કલિકુંડ તીર્થ
વિજય જયઘોષસૂરિ તરફથી

વિનયાદિ ગુણોપેત મુનિરાજશ્રી ભવ્યસુંદરવિજયજી જોગ અનુવંદના...

માગસર સુદ ૧૪ના બપોરે ૪ વાગે મૃદુસુંદર વિજયજીના સંસારી પિતાશ્રી મુનિરાજશ્રી મોક્ષસુંદરવિજયજી થોડી બીમારી ભોગવી ૧૦ વર્ષ લગભગ સંયમ આરાધ્યું. તેમાં એમની આરાધનાની ઘગશ કારણ હતી તેમ તમે બે સહાયક બન્યા એમને ગૃહસ્થપણામાં ઘણી આરાધના અને ઘણી શ્રી સંઘની સેવા પણ કરી છે. સંયમ પછી જાપ અને વાંચન પ્રસન્નતા અને સહનશીલતા વૈરાગ્ય અને સમાધિ સમતાથી ઘણા ભાવિત બનીને સંયમથી અંતકાળ સુધી સમાધિમય જીવન વિતાવ્યું અંતે પણ શુદ્ધિ સહિત સમાધિ પામ્યા. તમે એમની સારી કાળજી અને સેવા કરીને એમની સમાધિમાં સહાયક બન્યા તે તમારા કાર્યની અનુમોદના.

તત્રસ્થશ્રી સંઘે પણ સામે ભોગ કાળજી રાખીને સેવા આપી તેની અનુમોદના. એમના કુટુંબીજન પણ એમને સંયમ સેવામાં સહાયક બન્યા એ પણ એ સ્વર્ગતની પુન્યની વિશેષતા છે. મૃદુસુંદરવિજયજીએ પણ પોતાનું કર્તવ્ય બજાવ્યું એ વિશેષ અનુમોદનીય છે. એ સ્વર્ગતની આરાધના સમાધિની અનુમોદના. સ્વર્ગત આત્મા ઉત્તરોત્તર ઉત્તમ આરાધના પામી કરી શાશ્વતગતિને પામે એ જ અભ્યર્થના.

તા.ક. : એકાદ ફૂલસ્કેપમાં તેમની જીવન-સુવાસનું આલેખન કરી મોકલાવશો તો જિનાજ્ઞામાં લેવાશે.

- વિજય જયઘોષસૂરિની અનુવંદના.

૨૦૭૨ માગસર સુદ પુનમ, કલિકુંડ તીર્થ
સિદ્ધાંત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ તરફથી મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી, મૃદુસુંદર વિજયજી જોગ અનુવંદના...

સુખસાતામાં હશો. દેવગુરુ કૃપાથી અહીં સુખસાતામાં છીએ. ગઈકાલે બપોરે બે વાગે આંચકો લાગે એવા મુનિશ્રી તત્ત્વસુંદરવિજયજી કાળધર્મ પામ્યાના સમાચાર મળ્યા. દેવવંદન કર્યું અને થોડીવાર પછી ચારેક વાગે મુનિરાજશ્રી મોક્ષસુંદરવિજયજી કાળધર્મ પામ્યાના આંચકો લાગે એવા સમાચાર મળ્યા. દેવવંદન કર્યું. શાસનને સંઘને સમુદાયને સુંદરયુગ્મની આરાધક આત્માઓની ખોટ પડી. મુનિશ્રી મૃદુસુંદર વિજયજીને ઘણો જ આઘાત લાગ્યો હશે, પણ ‘જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ’ એમ સમજીને માનસિક સ્વાસ્થ્ય જાળવવું પડશે. અમારા તરફથી પૂરું આશ્વાસન આપજો. આરાધક આત્માની ચિરવિદાય શોક કરવા લાયક હોતી નથી. બાલમરણ પામેલાની દયા ખાવી પડે પણ પંડિત મૃત્યુને ભેટનારના સાહસને તો બિરદાવવું પડે. દીક્ષા આપ્યા પછી તમે અને એમણે ફૂલની જેમ સાચવ્યા, લાગણીપૂર્વક સેવા-વૈયાવચ્ચ કરી, સ્તવનો સજ્ઝાયો અને મોક્ષ સુધીના તત્ત્વોનું શ્રવણ કરાવી ખૂબ સમાધિમાં રાખ્યા. ધન્યવાદ છે.

- લિ. જયસુંદરસૂરિની અનુવંદના.

## સમાચાર સાર

**અમદાવાદ :** શ્રી કૃષ્ણનગર જૈન સંઘ મધ્યે પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મહારાજ** આદિની નિશ્રામાં ચાતુર્માસિક સુંદર આરાધનાઓ સંપન્ન થઈ. સામૂહિક વીસસ્થાનક તપ, શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુના અટ્ઠમ તપ, શ્રી અષ્ટાપદ તીર્થની ભાવયાત્રા, સ્નાત્ર મહોત્સવ, શિબિરો, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી જયશેખર સૂરિજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય આચાર્ય**શ્રી યશોદેવસૂરિજી મહારાજ સાહેબ**ની સ્વર્ગારોહણ તિથિએ સમૂહ સામાયિક તથા ગુણાનુવાદ આદિ આયોજન થયા.

આસો સુદ ૯ના દિને ૬૬૦ આરાધકો દ્વારા શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનાલયની ૧૦૮ પ્રદક્ષિણા તથા ૧૦૮ ખમાસમણા (પ્રત્યેક દ્વારા) દ્વારા પ્રભુભક્તિનું અનેરું ભેટણું પ્રભુને ધરવામાં આવ્યું.

કારતક સુદ ૯ના દિને પરમ પૂજ્ય સાધ્વી**શ્રી ફુલરેખાશ્રીજી મહારાજ**ના વર્ધમાન તપની ૯૫મી+૯૬મી ઓળીનું પારણું ભવ્ય રીતે ઉજવાયું, જેમાં પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ ગિરધરનગરથી પધાર્યા હતા.

**અમદાવાદ :** પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી મુનીશરત્નવિજયજી મહારાજ** તથા પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી જીવેશરત્નવિજયજી મહારાજ**ની નિશ્રામાં શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નારણપુરા મધ્યે પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી પ્રિયેશરત્નવિજયજી મહારાજ** તથા પરમ પૂજ્યા સાધ્વી**શ્રી સૌરભરેખાશ્રીજી**ની શ્રેણિતપ પૂર્ણાહુતિનો પ્રસંગ 'તપ સૌંદર્ય સુવાસ'ના અનુષ્ઠાને સહુને ભાવિત કરનારો બની રહ્યો.

ચાતુર્માસ દરમ્યાન ૯૦ જેટલા આરાધકો દ્વારા બારવ્રત અંગીકાર તથા ૨૦ મહાનુભાવોએ ચતુર્થવ્રતનો સ્વીકાર કર્યો હતો.

**વેરાવળ :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવનનિશ્રામાં શ્રી વેરાવળ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ મધ્યે અસ્ખલિત પ્રવચનમાળા, ૧૧૪ આરાધકો દ્વારા વીશસ્થાનક તપમાં જોડાણ, માસક્ષમણથી લઈને અટ્ઠમતપ સુધીની તપ આરાધના, શિબિર, પર્યુષણ પર્વની આરાધના અને રથયાત્રા આદિ અનેકવિધ આરાધના અનુષ્ઠાનોથી સકળ સંઘમાં આરાધનાનો સુંદર વાયુ વાયો હતો.

પૂજ્યશ્રી દ્વારા સૂરિમંત્રની પાંચ પીઠિકાની અમૂલ્ય આરાધનાના અવસરે માગસર સુદ ૭ થી ૯ દરમ્યાન ત્રિદિવસીય ભક્તિ મહોત્સવનું આયોજન થયું હતું. જેમાં શ્રી વીશસ્થાનક તપ પૂજા તથા શ્રી બૃહદ્ નંદાવર્તપૂજનના અનુષ્ઠાન થયા હતા.

**અમદાવાદ :** શ્રી ખાનપુર જૈન સંઘ મધ્યે પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** દ્વારા આસો સુદ ૧૫ થી કારતક સુદ ૧ સુધી (૧૬ દિવસ) બીજી વખતની સૂરિમંત્રની પાંચમી પીઠિકા સાનંદ સંપૂર્ણ કરી. ઉત્તરસાધક **શ્રી જીતુભાઈ** દ્વારા દરરોજ ૩૦૦ બાંધી નવકારવાળી ગણવામાં આવી હતી.

**વડોદરા :** પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી મેરૂચંદ્રવિજયજી મહારાજ** તથા પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી હિરણ્યબોધિ વિજયજી મહારાજ**ની નિશ્રામાં નિઝામપુરા સંઘ મધ્યે શ્રાવણ વદ ૧ના દિને ભવ્યાતિભવ્ય સ્નાત્ર મહોત્સવનું આયોજન થયું હતું. શ્રી સંજયભાઈ (બાવ) સાથે નડિયાદના ધર્મચક્રી મંડળ અને નિઝામપુરા યુવક મંડળે ભક્તિની રમઝટ બોલાવી હતી.

પૂજ્યશ્રીની નિશ્રામાં તપશ્ચર્યા ઉપરાંત દેવદ્રવ્યની ઉપજ તથા જીવદયાની સારી ઉપજ થઈ હતી.

**સુરત-અમરોલી :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી કુલબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી પદ્મબોધિવિજયજી મહારાજ સાહેબ**ની પાવનનિશ્રામાં અનેક આરાધકોએ ઉપધાન તપની આરાધના ખૂબ આનંદ અને ઉત્સાહ સાથે પરિપૂર્ણ કરી.

**સમ્બોધિ પરિવાર**ના આયોજને માગસર સુદ ૩ ના શુભ દિને આરાધકોના કંઠમાં મુક્તિની માળ આરોપવામાં આવી હતી ત્યારે હર્ષનાદોથી સમગ્ર ગગન ગૂંજિત થઈ ઊઠ્યું હતું.

**ભવાની મંડી :** પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી ધૈર્યસુંદરવિજયજી મહારાજ** તથા પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી નિર્મોહસુંદરવિજયજી મહારાજ**ની શુભ નિશ્રામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મધ્યે સુંદર ચાતુર્માસિક આરાધનાઓ સંપન્ન થઈ.

શ્રી ભુવનભાનુસૂરિ આયંબિલ તથા સામાયિક બેન્કમાં સુંદર તપ-આરાધના રાશિ એકઠી થઈ. ૫૭૦૦૦થી વધારે સામાયિક અને ૪૫૦૦થી વધારે આયંબિલ તપ, માત્ર ૧૨૫ પરિવારોથી પરિવરેલા સંઘમાં થયા તે અનુમોદનીય છે.

યુવા તથા બાલ શિબિર, દૈનિક પ્રવચન ઉપરાંત રાત્રિ પ્રવચન અષ્ટ મહાપ્રાતિહાર્ય વંદના આદિ કાર્યક્રમો પણ યોજાયા હતા.

પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી નિર્મોહચંદ્રવિજયજી મહારાજ**ની ૭૦+૭૧ ઓળીની આરાધના પણ ખૂબ શાતાપૂર્વક ચાતુર્માસ દરમ્યાન પૂર્ણ થઈ હતી.

પરમ પૂજ્ય પંન્યાસ**શ્રી કનકસુંદરવિજયજી મહારાજ**ની પ્રેરણાથી પરમ પૂજ્ય આચાર્ય**શ્રી અભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના શિષ્ય પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી પુણ્યરાશિવિજયજી મહારાજ**ના સળંગ ૧૦૦૮ આયંબિલની અનુમોદનાર્થે ૨૦૦૦ જેટલાં ફક્ત ભાત-પાણીના આયંબિલ થયા હતા. ઉપરાંત પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી હિતસુંદરવિજયજી મહારાજ** દ્વારા વર્ધમાન તપની ૮૬ ઓળી તથા ૪૫ ઉપવાસની અનુમોદનાર્થે સેંકડો અટ્ઠમ તપ થયા હતા.

ઉપરાંત નવકાર મંત્રને ગણવાની, પાઠશાળાના અધ્યાપક, પૂજારી, દેરાસર-ઉપાશ્રય સ્ટાફનું બહુમાન ઈત્યાદિ અનેક કાર્યક્રમો યોજાયા હતા.

**અમદાવાદ :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** અને પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભંકારી નિશ્રામાં શ્રી અમદાવાદ ગિરધરનગરથી શ્રી શંખેશ્વર મહાતીર્થનો છ'રીપાલિત સંઘ (કારતક વદ ૪ થી કારતક વદ ૧૩) સાનંદ સંપન્ન થયો.

મુખ્ય સંઘપતિ **શ્રીમતી સંઘવી બસંતાદેવી ગણપતલાલ ત્રિલોકબંધુ ગન્ના પરિવાર**ની ઉદાર સખાવતે ૧૦ તીર્થોની સ્પર્શના કરતો સંઘ શ્રી શંખેશ્વર મહાતીર્થ પહોંચ્યો હતો, જેમાં સેરિસા, વામજ, ભોયણી, રાંતેજ ઈત્યાદિ તીર્થને જુહારવાનો અવસર સહુને પ્રાપ્ત થયો હતો.

**શાહપુર :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રામાં ધર્માનુરાગી **શ્રી કાંતિલાલ દીપચંદ ગાંધી પરિવાર**ના ગૃહાંગણે શ્રી પાર્શ્વનાથ પ્રભુ જિનબિંબની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ (કારતક વદ ૯ થી કારતક વદ ૧૨) દરમ્યાન ખૂબજ આનંદ-ઉલ્લાસના વાતાવરણે સંપન્ન થયો, જે દરમ્યાન પાંચે કલ્યાણકોના સુંદર વિધાન સાનંદ સંપન્ન થયા હતા.

અનેક ધર્મકાર્યો અને માનસ મંદિર-શાહપુર મધ્યે **સ્વ. શ્રી કાંતિભાઈ**નો સિંહફાળો રહ્યો હતો.

**સુરેન્દ્રનગર :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં સવાસો વર્ષ પ્રાચીન સુરેન્દ્રનગર તીર્થ મધ્યે ઉપધાન તપની ભવ્ય આરાધના માગસર વદ ૨ ના માલારોપણ સહિત પરિપૂર્ણ થઈ.

અનેક આરાધકો દ્વારા ઉપધાનની આરાધના કરવામાં આવી હતી. અષ્ટપ્રવચન માતાની ગોદમાં, આત્મિક આનંદની ખોજમાં 'હું' સદાયે પાંચેય સમિતિને પાળીશ એવા સંકલ્પ સાથે સહુ યાત્રિકો આનંદથી તરબતર જોવા મળ્યા હતા.

આરાધકોને શોભાયાત્રામાં વધાવવા અનેકાનેક લોક ઉમટી પડ્યું હતું.

**મુંબઈ-અમદાવાદ :** સમતા-સ્વાધ્યાય અને સમાધિના ત્રિવેણી સંગમરૂપ પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી રમ્યઘોષવિજયજી મહારાજ**ના સમાધિપૂર્ણ કાળધર્મ નિમિત્તે પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પરમ પૂજ્ય આચાર્ય**શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિની નિશ્રામાં મોતીશા ચેરીટેબલ જૈન ટ્રસ્ટ મધ્યે ગુણાનુવાદ સભા તથા સમૂહ સામાયિકનું આયોજન થયું હતું. કારતક વદ ૧ ના દિને શ્રી ગૌતમ લબ્ધિપૂજન તથા સાંજના ભવ્યાતિભવ્ય મહાપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, આંબાવાડી મધ્યે પરમ પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ** અને પરમ પૂજ્ય આચાર્ય**શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં પણ કારતક વદ ૬ ના પરમ પૂજ્ય આચાર્ય**શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની દીક્ષા તિથિએ ગુણાનુવાદની સભા તથા કારતક વદ ૭ના દિને પરમ પૂજ્ય મુનિરાજ**શ્રી રમ્યઘોષવિજયજી મહારાજ**ની ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું.

**મલાડ-મુંબઈ :** પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પુનિત નિશ્રામાં **શ્રી હીરસૂરીશ્વરજી** સાધર્મિક ભક્તિ કેન્દ્રના આયોજને સાધર્મિક બાંધવોના ઉત્કર્ષના હેતુ માતબર ફંડ એકઠું કરવામાં આવ્યું હતું.

કેન્દ્રના મુખ્ય સૂત્રધાર **શ્રી મનિષભાઈ મહેતા** અને **શ્રી અજયભાઈ**ની જહેમત રંગ લાવી હતી.

આ અવસર દરમ્યાન પૂજ્ય આચાર્યશ્રીએ વેધક અને હૃદયદ્રાવક રજુઆત અને દૃષ્ટાંતોથી સમગ્ર સભાને ભાવવિભોર બનાવી દીધી હતી. સમગ્ર સભાનું સંચાલન **શ્રી સંજયભાઈ અંબાલાલ શાહ** દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી સિદ્ધક્ષેત્ર-પાલીતાણા ખાતે શ્રમણી ભગવંતો માટે વાચના સત્ર...

| | | |
|---|---|---|
| **આજ્ઞા-આશીર્વાદ** | : | સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય**શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજ સાહેબ** |
| **વાચનાદાતા** | : | સાધ્વી ગણનાયક પરમ પૂજ્ય આચાર્ય**શ્રી વિજય અભયશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબ** |
| **વાચના પ્રારંભ** | : | વિ.સં.૨૦૭૨, પોષ સુદ ૧૨, તા.૨૧-૧-૧૬ ગુરુવાર (ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરિ મહારાજ સાહેબ દીક્ષાતિથી) |
| **વિષય** | : | (૧) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર-શ્રી શાંતિસૂરિ મ.ટીકા. (૨) સંયમલક્ષી વાચના... (૩) શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સાહેબ કે શ્રી ઉપાધ્યાયજી મહારાજ સાહેબનો કોઈક ગ્રંથ. |
| **વાચના** | : | રોજ લગભગ બપોરે રહેશે. |
| **સ્થળ** | : | શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ આરાધના ભવન... |

**તે તે વિષયનો ઊંડાણથી બોધ મેળવવા માટે જિજ્ઞાસુ સાધ્વીજી ભગવંતોને આ વાચના સત્રનો લાભ લેવા ખાસ વિનંતી છે.**

લિ. વાચના સમિતિ

જયેશભાઈ ભણશાળી-અમદાવાદ (મો.૯૪૨૬૦૬૨૩૦૦)

સંપર્ક સૂત્ર : શ્રી સિદ્ધક્ષેત્ર વર્ધમાન તપ આયંબિલ ખાતુ, આયંબિલ ભુવન, મેઈન રોડ, પાલીતાણા.

ફોન : ૦૨૮૪૮-૨૫૨૮૩૦, ૦૯૪૨૬૯૦૨૮૬૦-પ્રફુલભાઈ

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः । तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥

**એક મોક્ષપદનું ભાવન-ભાવસંસારથી છૂટવા રૂપ-તેની વારંવારની વિચારણા એ ભાવના છે. તે કરવાથી મમતા, પ્રતિબંધ-મમત્વ નાશ પામે છે, ઘટે છે, ફરી થતું નથી-માટે આ નિર્વાણપદનું ભાવન (મોક્ષ એ સંસારની મમતા-પ્રતિબંધ-મમત્વથી રહિત છે) એવું વારંવાર વિચારીને આત્માને તેનાથી વાસિત, સંસ્કારિત બનાવવો તે ઉત્કૃષ્ટ જ્ઞાન છે. ઉત્કૃષ્ટ ભાવનાજ્ઞાન છે. શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાનથી અને બીજા ભાવનાજ્ઞાનથી ચડીયાતું જ્ઞાન છે કેમકે આનાથી જીવ સંસારની પક્કડ રહિત નિર્લેપ બને છે. અર્થરટન પૂર્વક મોક્ષનું હૃદયની લાગણી પૂર્વકનું રટન એ આત્માને તીવ્ર વૈરાગ્ય-આરાધનાનો ઉત્સાહ-સંયોગ અને આરાધના આપીને મોક્ષનું પ્રધાનકારણ બને છે.**

- સિદ્ધાંત દિવાકર પૂજ્યપાદશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

## સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ
## પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
## પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ
## પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબનો
# સંભવિત કાર્યક્રમ

| તિથિ | વાર | તારીખ | વિગત |
|---|---|---|---|
| માગસર સુદ ૬ થી<br>પોષ વદ ૧૨ | ગુરુવાર<br>શુક્રવાર | ૧૭-૧૨-૧૫<br>૫-૨-૧૬ | શ્રી કલિકુંડ તીર્થે ઉપધાનતપની ભવ્ય આરાધના<br>પોષ વદ ૧૨ શુક્રવાર તા.૫-૨-૨૦૧૬ના મોક્ષમાળારોપણ |

**શ્રી પ્રેમ-ભુવનભાનુ સમુદાયે સામૂહિક ચાતુર્માસ જ્યોત્સવ : પોષ વદ ૧, રવિવાર તા. ૨૪-૧-૨૦૧૬ સવારે ૮-૩૦ કલાકે**

**શ્રી કલિકુંડ તીર્થે ઉપધાન તપની ભવ્ય આરાધનાનો પ્રારંભ : માગસર સુદ ૬ તા. ૧૭-૧૨-૨૦૧૫, શુભનિશ્રા : પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

**-: સંપર્ક સૂત્ર - પત્ર વ્યવહાર :-**

**જયેશભાઈ સી. ભણસાલી - રુચી ડાયમન્ડ :** એસ/૬, વિશાલ કોમર્શીયલ સેન્ટર, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૮૪૯૩૯, ૨૬૫૮૧૧૦૮

**સતીશભાઈ બી. શાહ :** ૫, મૌલિક ફ્લેટ, ઓપેરા ફ્લેટની સામે, ઓપેરા સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૦૭૯-૨૬૬૨૧૪૧૦, મો. ૯૮૨૫૪૧૨૪૦૨

**પિનુભાઈ :** મો. ૯૫૩૭૨૭૭૦૯૨

(અનુસંધાન પાના નં. ૩૬ નું)

બહેનોએ ગહુલીના ગીતો ગાયેલ. અંતે પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરિ મહારાજ સાહેબે** ભગવાન ચિંતામણી પાર્શ્વનાથ અને વર્તમાન ગચ્છાધિપતિના ઉપકારોનું વર્ણન કરી તમામ સફળતાનું શ્રેય દેવ/ગુરુના ચરણે ધરેલ. પ્રવચનબાદ સહુની અલ્પાહારથી ભક્તિ થયેલ.

**ચાતુર્માસ વિહાર :**

શ્રી સંઘમાં ચાર મહિનાની સુંદર આરાધના કરાવી પૂજ્ય **ગચ્છાધિપતિ** કારતક વદ-ચોથ રવિવાર તા. ૨૯-૧૧-૧૫ના ચાતુર્માસ પછીના પ્રથમ વિહારાર્થે સવારે ૬-૦૦ કલાકે જિનાલયમાં સામૂહિક ચૈત્યવંદન કરી ૬-૩૦ કલાકે જિનાલયના પ્રાંગણમાં પધાર્યા. વળાવવા આવેલ શ્રી સંઘને પૂજ્યશ્રીએ મીઠી હિતશિક્ષા આપી... જીવનમાં યથાશક્તિ આરાધના કરજો, જો આરાધના ન થાય તો અનુમોદના કરજો અને ક્યારેય ચતુર્વિધ સંઘના કોઈપણ સભ્યની નિંદા, ટીકા કરવી નહિ. સકળ સંઘે રડતી આંખે પૂજ્યશ્રીની દેશનાને ઝીલી. શ્રી સંઘના ટ્રસ્ટી **શ્રી નયનેશભાઈ**એ શેષકાળમાં પુનઃ પધારવા તેમજ નજીકના ભવિષ્યમાં પુનઃ સંઘમાં ચાતુર્માસ કરવા ગદગદ હૃદયે વિનંતી કરી. મુહૂર્તનો સમય થતા પૂજ્યશ્રીએ પંકજ સોસાયટી તરફ પ્રયાણ કર્યું. શ્રી સંઘ પાછળ પાછળ આવ્યો. યુવાનો છેક પંકજ સુધી પધાર્યા. ફતેહપુરા આવતા પંકજનો સંઘ પૂજ્યશ્રીને સામે લેવા આવ્યો. સસ્વાગત પૂજ્યશ્રીએ પંકજ સોસાયટી શ્રી ભુવનભાનુ સ્મૃતિ મંદિરમાં પ્રવેશ કર્યો. પૂજ્ય આચાર્ય**શ્રી જગચ્ચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા **જયસુંદર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું પ્રવચન થયું.

**પંકજ સોસાયટી :**

કારતક વદ પાંચમના સોમવારે પૂજ્યપાદશ્રીની શુભનિશ્રામાં જિનાલયના ભોંયરામાં બિરાજમાન શ્રી આદિનાથ પ્રભુજીની સાલગિરીનું આયોજન થયું. તેમજ પૂજ્ય **બાપજી મહારાજ** આદિ ત્રણ ગુરુભગવંતોના ગુરુમંદિરે સાલગિરી નિમિત્તે ધજારોહણ થયું. બીજા દિવસે સ્વ. દાદા ગુરુદેવશ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજાની દીક્ષા તિથિ નિમિત્તે પૂજ્ય આચાર્ય**શ્રી જગચ્ચંદ્ર-જયસુંદર સૂરિ મહારાજ** આદિએ સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના ગુણાનુવાદ કર્યા. ગુરુભક્તો તરફથી ૨૦ રૂપિયાનું સંઘપૂજન થયેલ.

**જીવિત સ્વામી મિટીંગ :**

કારતક વદ સાતમના સવારે શ્રી ભુવનભાનુ સૂરિ સ્મૃતિ મંદિરે સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય**શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભનિશ્રામાં ક્ષત્રિયકુંડ જિનાલયથી અપહૃત થયેલ જીવિત સ્વામીની પ્રતિમાની પુનઃ પ્રાપ્ત્યર્થે મિટિંગનું આયોજન થયું. જેમાં વિવિધ સમુદાયના અનેક આચાર્ય ભગવંતો પધારેલ. તેમજ વિવિધ સંઘો અને આણંદજી કલ્યાણજી પેઢીના અગ્રણી શ્રાવકો પણ ઉપસ્થિત રહેલ. મિટિંગમાં પરમાત્માની પ્રતિમાજીની પ્રાપ્તિ-સુરક્ષાર્થે પૂજ્ય ગુરુભગવંતો તેમજ અગ્રણી શ્રાવકો વચ્ચે ગહન વિચારણા થયેલ. વિચારણાના અંતે સમસ્ત રાજનગરમાં તપ-જપ અને આરાધનાની વૃદ્ધિ થાય તે માટે રવિવાર તા. ૬-૧૨-૧૫ના સવારે રીવરફ્રંટ પર સંકલ્પ સાધના મહાસભા ગોઠવવાનું નક્કી થયેલ. આ માટે શ્રાવકોની એક કમિટીની રચના થઈ. તેમજ આર્થિક ખર્ચને પહોંચી વળવા શ્રાવકોએ સારી ટીપ કરેલ.

**સંકલ્પ સાધના મહાસભા :**

ક્ષત્રિયકુંડ મંડન વીરપ્રભુની પ્રતિમાની પુનઃ પ્રાપ્તાર્થે શ્રી રાજનગરના આંગણે રીવરફ્રંટ પર સંકલ્પ સાધના મહાસભાનું રવિવાર કારતક વદ ૧૦ (વીરપ્રભુના દિક્ષા કલ્યાણક)ના સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન આયોજન થયું. સભાનો પ્રારંભ થાય એ પૂર્વે જ વહેલી સવારે પ્રભુ પ્રતિમાની પ્રાપ્તિ થઈ જતા મહાસભાના સ્થાને વિજયોત્સવનો આનંદ મનાવવા સકળસંઘ રીવરફ્રંટ પર ભેગો થયો. વિવિધ સમુદાયના પૂજ્યોની પાવનનિશ્રામાં વિજયોત્સવનો પ્રારંભ થયો. પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજી મહારાજ, શ્રીનયવર્ધનસૂરીશ્વરજી મહારાજ, શ્રી રૈવતસૂરીશ્વરજી મહારાજ, શ્રી મહાબોધિસૂરિ મહારાજના પ્રેરક પ્રવચનો થયા. શ્રાવકવર્ગમાં શ્રી સંવેગભાઈ, શ્રીપાળભાઈ, કુમારપાળ દેસાઈ, પં. વસંતભાઈ આદિના વક્તવ્યો થયા. પ્રતિકભાઈએ મંચ સંચાલન કરેલ. યુવાનોએ ઉત્સાહમાં આવી અબીલ-ગુલાલ ઉડાડી પોતાની ખુશી વ્યક્ત કરેલ. સહુને મોદકની પ્રભાવના થયેલ. સમસ્ત રાજનગરમાં હજારોની સંખ્યામાં આયંબિલનો તપ થયેલ.

**સ્મૃતિમંદિર ધજારોહણ :**

શ્રી ભુવનભાનુ સૂરિ સ્મૃતિ મંદિર સાલગિરી નિમિત્તે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ની શુભ નિશ્રામાં ત્રિદિવસીય પ્રવચન શ્રેણીનું આયોજન થયું. જેમાં કારતક વદ ૧૧ ના સવારે પૂજ્ય પંન્યાસ**શ્રી ભુવનસુંદર વિજયજી મહારાજે** અને બીજા દિવસે પૂજ્ય આચાર્ય**શ્રી અભયચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પંન્યાસ**શ્રી પ્રશાંતવલ્લભ વિજયજી મહારાજે** ગુણાનુવાદ કર્યા. કારતક વદ ૧૩ ના સવારે પૂજ્ય આચાર્ય**શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિ સૂરિ મહારાજ સાહેબે** ગુણાનુવાદ કર્યા. પ્રવચન પ્રારંભે....રૂા.ની પ્રભાવના થયેલ. પ્રવચન બાદ ધ્વજારોહણનો ચડાવો બોલાયો. સ્વ.ગુરુદેવશ્રીના સંસારી સ્વજન **સુભદ્રાબેન કુમારપાળભાઈ પરિવારે** ચડાવો લીધો. શુભ મુહૂર્તે ધ્વજારોહણ થયા બાદ બૃહદ્‌શાંતિનો પાઠ થયો.

ધ્વજારોહણના દિવસે સવારે સૂર્યોદયથી ગુરુમંદિરને અખંડ પ્રદક્ષિણા અપાયેલ. જેમાં નાના બાળકથી લગાવી વડીલોએ સેંકડો પ્રદક્ષિણા આપેલ. ૨૪ કલાકમાં ૧ લાખથી વધારે પ્રદક્ષિણા અપાયેલ. આ નિમિત્તે ગુરુમૂર્તિને સુવર્ણના વરખની આંગી રચાયેલ. તેમજ પુષ્પ, વસ્ત્રાદિનો ભવ્ય શણગાર કરવામાં આવેલ. પ્રત્યેક પ્રદક્ષિણાર્થીને ૨૦/- રૂપિયાની પ્રભાવના તેમજ મોદકની પ્રભાવના થયેલ. કેટલાક સાધુ/સાધ્વીજી ભગવંતો તથા ગૃહસ્થોએ ૧૦૦૦ પ્રદક્ષિણા આપેલ.

**કલિકુંડ તીર્થ પ્રવેશ :**

રાજનગરમાં ઐતિહાસિક-શાસન પ્રભાવક ચાતુર્માસ પૂર્ણ કરી પૂજ્યપાદ **ગચ્છાધિપતિશ્રી** વિશાળ સમુદાય સાથે માગસર સુદ ૧ શનિવાર તા. ૧૨-૧૨-૧૫ના વિહાર કરી બાકરોલ-સુવર્ણ સંધ્યા થઈ માગસર સુદ ત્રીજના ઉપધાન તપ નિમિત્તે કલિકુંડ તીર્થમાં પધાર્યા. હોસ્પિટલથી પૂજ્યોનું સ્વાગત થયું. સામૂહિક ચૈત્યવંદન, માંગલિક થયા બાદ પધારેલ સહુની નવકારશી થઈ.

**ઉપધાનતપ પ્રવેશ :**

**માતુશ્રી સવિતાબેન વાલચંદ છગનલાલ શેઠ પરિવાર** આયોજિત ઉપધાનતપનો માગસર સુદ ૬, ગુરુવાર તા. ૧૭-૧૨-૧૫થી શુભારંભ થયો. વહેલી સવારે ૩૦૦ થી વધુ પુણ્યાત્માઓએ નાણ સમક્ષ પ્રદક્ષિણા દઈ ઉપધાન તપમાં પ્રવેશ કર્યો. પરિવારના સ્વજનો/સ્નેહીજનો પણ આ પ્રસંગે મોટી સંખ્યામાં પધારેલ. દરેક આરાધકોને આગલા દિવસે સાંજે અત્તર પારણું કરાવવામાં આવેલ તેમજ ઉપધાનના ઉપકરણોની મૂલ્યવંતી કીટ અર્પણ કરવામાં આવેલ. મુંબઈ, સુરત, નવસારી, ધાનેરા, અમદાવાદ આદિ અનેક ક્ષેત્રોમાંથી આરાધકો ઉપધાન કરવા પધારેલ છે.

**શેષ-અશેષ :**

- પૂજ્ય પંન્યાસજી**શ્રી વજસેન મહારાજ**ની શાતા પૂછવા પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી** સ્ટર્લિંગ હોસ્પિટલમાં પધારેલ.
- કારતક વદ ૧૨ ના રાત્રે **સુખદેવ ગઢવી** દ્વારા સ્વ. ગુરુદેવશ્રીના રાસના આધારે ડાયરાનું આયોજન થયેલ.
- લાભાર્થીની વિનંતીથી ઉપધાનતપના પ્રારંભે પૂજ્ય આચાર્ય**શ્રી અર્હત્પ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** (પૂજ્ય આચાર્ય**શ્રી નીતિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સમુદાયના) આદિ ઠાણા પધારેલ.
- પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના ઉપધાન તપના દૈનિક પ્રવચનો સૂરિ પ્રેમ વાટિકામાં રોજ સવારે ૯-૧૫ થી ૧૧-૩૦ ચાલે છે.
- દૈનિક વિધિ પૂજ્ય પંન્યાસ**શ્રી ભુવનસુંદરવિજયજી મહારાજ** તથા પૂજ્ય પંન્યાસ**શ્રી પ્રશાંતવલ્લભ વિજયજી મહારાજ** કરાવે છે.
- બેનોની આરાધના પૂજ્ય પ્રવર્તિની સાધ્વી**શ્રી વસંતપ્રભાશ્રીજી**ના પૂજ્ય સાધ્વી**શ્રી નિર્મળયશાશ્રીજી** આદિ કરાવે છે.

**શ્રી સંઘમાન્ય જિનાજ્ઞા પંચાંગ**
**વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૫**

| • સુદ • ૯ ક્ષય | | | માગસર-૨૯ ૧૨ ડિસે. થી ૯ જાન્યુ. | • વદ • ૧૨ વૃદ્ધિ,૧૩ ક્ષય | | |
|---|---|---|---|---|---|---|
| તિથી | વાર | તા. | સુદ-૧૧,સોમ:મૌન એકાદશી | તિથી | વાર | તા. |
| ૧ | શનિ | ૧૨ | પોષ દશમી અઠ્ઠમ : વદ-૯/૧૦/૧૧,રવિ થી મંગળ તા.૩ થી ૫ જાન્યુ. | ૧ | શનિ | ૨૬ |
| ૨ | રવિ | ૧૩ | વદ-૧૦: પાર્શ્વપ્રભુ જન્મ કલ્યાણક | ૨ | રવિ | ૨૭ |
| ૩ | સોમ | ૧૪ | વદ-૧૧: પાર્શ્વપ્રભુ દીક્ષા કલ્યાણક | ૩ | સોમ | ૨૮ |
| ૪ | મંગળ | ૧૫ | ધનાર્ક કમૂરતા:૧૬ ડિસે.થી શરૂ | ૪ | મંગળ | ૨૯ |
| ૫ | બુધ | ૧૬ | | ૫ | બુધ | ૩૦ |
| ૬ | ગુરુ | ૧૭ | **રોહિણી :** સુદ-૧૪, ગુરુ | ૬ | ગુરુ | ૩૧ |
| ૭ | શુક્ર | ૧૮ | **પુષ્ય :** તા.૨૭ ડિસે.,૧૧.૨૧ થી તા.૨૮ ડિસે.,૧૧.૫૧ | ૭ | શુક્ર | ૧જા. |
| ૮ | શનિ | ૧૯ | **વિંછૂડો :** તા.૫ ડિસે., ૨૪.૫૮ થી તા.૮ ડિસે., ૦૯.૪૭ | ૮ | શનિ | ૨ |
| ૧૦ | રવિ | ૨૦ | **પંચક :** તા.૧૬ ડિસે., ૧૨.૫૬ થી તા.૨૦ ડિસે., ૧૯.૪૬ | ૯ | રવિ | ૩ |
| ૧૧ | સોમ | ૨૧ | **કુંભ ચક્ર :** તા.૧૫ ડિસે., ૨૫.૧૬ થી તા.૨૪ ડિસે., ૧૩.૨૬ સુધી તથા તા.૨ જાન્યુ.,૨૩.૩૬ થી તા.૯ જાન્યુ.,૧૦.૦૧ સુધી | ૧૦ | સોમ | ૪ |
| ૧૨ | મંગળ | ૨૨ | | ૧૧ | મંગળ | ૫ |
| ૧૩ | બુધ | ૨૩ | | ૧૨ | બુધ | ૬ |
| ૧૪ | ગુરુ | ૨૪ | | ૧૨ | ગુરુ | ૭ |
| ૧૫ | શુક્ર | ૨૫ | | ૧૪ | શુક્ર | ૮ |
| | | | શુભ દિન | ૩૦ | શનિ | ૯ |

## સમાચાર દર્પણ

## સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં થયેલ શાસન પ્રભાવનાના અનુમોદનીય સમાચાર

**૧૩૭ મું પ્રવચન :**

પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**નું ૧૩૭મું 'મા-બાપને ભૂલશો નહિં'નું પ્રવચન શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ પાસેની સ્થાનકવાસી વાડીમાં તા.૨૯-૧૧-૧૫ના સવારે ૯ થી ૧૨ દરમિયાન યોજાયું. ૧૫૦૦થી અધિક સંખ્યામાં ભાવુકોએ પ્રવચન શ્રવણ કરેલ.

**આંબાવાડી :**

સમુદાયના ઉત્તમ સાધક પૂજ્ય મુનિશ્રી **રમ્યઘોષવિજયજી મહારાજ**ના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે તેમના સંસારી સ્વજનોએ પૂજ્ય આચાર્યશ્રી **મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની નિશ્રામાં ત્રિદિવસીય કાર્યક્રમ રાખેલ. જેમાં કારતક વદ ૬ ના **સ્વ.દાદા ગુરુદેવશ્રી પ્રેમ સૂરિ મહારાજ**ના તથા બીજા દિવસે પૂજ્ય મુનિશ્રી **રમ્યઘોષ મહારાજ**ના ગુણાનુવાદ થયેલ. કારતક વદ ૮ ગુરુવારના સવારે ૯ થી ૧૨ દરમિયાન સમાધિ સરિતાનું ગીત-સંગીત સહ માણેકબાગ-હોલમાં આયોજન થયેલ. જેમાં પંચસૂત્રના પ્રથમ સૂત્રના આધારે સ્તુતિ તથા વિવેચન થયેલ. ત્રણે દિવસ વિવિધ પ્રભાવના તેમજ છેલ્લા દિવસે પધારેલ સહુની સાધર્મિક ભક્તિ થયેલ. આ નિમિત્તે આંબાવાડી જિનાલયમાં મહાપૂજા, ભાવના, ગુરુભગવંતોની રંગોળી આદિના અનેક આકર્ષણો ઊભા કરાયેલ.

**ચાતુર્માસ પરિવર્તન :**

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવનનિશ્રામાં જૈન સોસાયટી જૈન સંઘમાં દૈનિક પ્રવચન, યુથ શિબિર, સામૂહિક શ્રેણીતપ, દીપાવલી પ્રવચનમાળા, શ્રેણીતપ વિજયોત્સવ આદિ અનેક ઉત્સવોથી ભર્યું ભર્યું ચાતુર્માસ સંપન્ન થયું. કારતક સુદ પૂનમ બુધવારના દિવસે સવારે ૬-૩૦ કલાકે પ્રવચન વાટિકામાં શત્રુંજય ગિરિરાજ પટ તેમજ આદીશ્વર દાદાની પ્રતિકૃતિ સમક્ષ સામૂહિક ચૈત્યવંદન, પાંચસ્તવન, ૨૧ ખમાસમણા અને ૯-લોગસ્સના કાઉસગ્ગનો વિધિ થયો. તે પછી સસ્વાગત ચાતુર્માસ પરિવર્તનના લાભાર્થી શ્રી અતિથિ ફ્લેટના રહેવાસીઓના ગૃહાંગણે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી** પૂજ્ય આચાર્યશ્રી **જગચ્ચંદ્ર-જયસુંદર-મહાબોધિ સૂરિ મહારાજ** આદિ સકળ મૂનિવૃંદ ચાતુર્માસ પરિવર્તનાર્થે પધાર્યા. સહુપ્રથમ પૂજ્યોને ગુરુવંદન, માંગલિક, ગુરુપૂજન, વસ્ત્રાદિ વહોરાવવાનો વિધિ થયો. ત્યારબાદ પૂજ્યોના પ્રવચનો થયા. પધારેલ સહુને પ્રભાવના તેમજ નવકારશી અતિથિ ફ્લેટના શ્રાવકભાઈઓ દ્વારા થયેલ.

**વિદાય પ્રવચન :**

કારતક વદ ત્રીજના શનિવારે સવારે ૯ થી ૧૧-૩૦ દરમિયાન શ્રી સંઘમાં વિદાય પ્રવચન ગોઠવાયું. જેમાં શ્રોતા બોલે છે અને શ્રેણીતપ બોલે છે...એ વિષય અંતર્ગત અનેક ભાઈઓએ ચાતુર્માસ અને તપસ્યા દરમિયાન જીવનમાં આવેલા પરિવર્તનનું વર્ણન કરતા સહુની આંખમાં અશ્રુધારા ચાલી હતી. યુવક મંડળના યુવાનોએ ભવિષ્યમાં સંઘ અને શાસનની સેવાનો સતત લાભ મળતો રહે તેવા આશીર્વાદ માંગેલ.

(અનુસંધાન પાના નં. ૩૫ ઉપર)

## તારક જિનાજ્ઞા

- रागेण व दोसेण व, परिणमिण व न दूसिअं जं तु ।
  तं खलु पच्चक्खाणं, भावविसुद्ध मुणेयव्वं ॥

  જે પચ્ચક્ખાણ રાગ, દ્વેષ તથા પરિણામથી દૂષિત ન થયેલ હોય તેને જ ખરેખર ભાવવિશુદ્ધ પચ્ચક્ખાણ જાણવું.

  **(મહા પ્રત્યાખ્યાન પ્રકીર્ણક-૩૬)**

- विसमंमि समारोहइ, दढदव्वालंबणो जहा पुरिसो ।
  सुत्ताइकयालंबो, तह झाणवरं समारुहइ ॥

  જેવી રીતે નીચાસ્થાનમાં રહેલો માણસ કોઈ મજબૂત દોરડા વગેરે દ્રવ્યના આલંબને ઉંચે ચઢી જાય છે, તેવી રીતે સૂત્રાદિનું આલંબન કરનારો ઉત્તમ ધ્યાન પર ચડી જાય છે. **(ધ્યાન શતક-૪૩)**

- अप्पंपि भावसल्लं, जे नालोअंति गुरुसगासंमि ।
  धंतंपि अ सुअसमिद्धा, न हु ते आराहगा हुंति ॥

  જેઓ થોડું પણ ભાવશલ્ય, ગુરુ પાસે છુપાવે, ન આલોવે, તે જીવ શ્રુતજ્ઞાનથી સમૃદ્ધ હોવા છતાં પણ આરાધક ન થાય.

  **(મહા પ્રત્યાખ્યાન પ્રકીર્ણક-૨૬)**

- पञ्चविहायाररया, छज्जीवनिकायरक्खणुज्जुत्ता ।
  पंचसमिया तिगुत्ता, गुणवंत गुरु मुणेयत्वा ॥

  જ્ઞાનાદિ પાંચે પ્રકારના આચારના પાલનમાં જ રક્ત, ષદ્જીવનિકાયના રક્ષણમાં જ ઉદ્યત, પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા ગુણવાન ગુરુ જ ધર્મના દાતાર તરીકે જાણવા જોઈએ.

  **(ધર્મવિધિ પ્રકરણ-૨૨)**

### ભુવનભાનુનાં અજવાળાં

**પાપ છોડી દેવા પર સાચો ધર્મ મળશે.**

સૌજન્ય

**અ.સૌ. સરોજબેન વિનોદભાઈ શાંતિલાલ શાહ (સાયન, મુંબઈ-૨૨)**

### જિનશાસનનો જયઘોષ

**અનંતા જન્મોની ઊંધીકરણીને રદબાતલ કરનાર ધર્મ છે.**

સૌજન્ય

**અ.સૌ. સરોજબેન વિનોદભાઈ શાંતિલાલ શાહ (સાયન, મુંબઈ-૨૨)**

FROM :
તારક જિનાજ્ઞા
C/o. દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ.
PIN : 382225. (ગુજરાત)

BOOK-POST

TO,

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : દિવ્ય દર્શન ટ્રસ્ટ-કુમારપાળ વિ. શાહ**-૩૯, કલિકુંડ સોસાયટી, **કલિકુંડ, ધોળકા.** જિ. અમદાવાદ. PIN : 382225.
**મુદ્રણ સ્થાન :** બ્રિજેશ પ્રિન્ટીંગ પ્રેસ - એસ.ટી.સ્ટેન્ડ પાસે, મલાવ રોડ, ધોળકા. જિ. અમદાવાદ.